

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

**સુવિચાર**

હારવાના ભય કરતા
જીતવાની મહત્વકાંક્ષા
વધારે હશે તો સફળતા
તમારા હાથ માં હશે

News Help Line : 78 74 88 99 33 | વર્ષઃ ૦૨ અંક : ૩૦ તા.૧૭.૦૮.૨૦૨૪, શનિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 30 Dt. 17-08-2024, Saturday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com

# નિર્ભયા-૨ : કોલકાતાની ઘટનાના વિરોધમાં દેશમાં ડોક્ટરો રસ્તા પર !

**કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં દેશભરમાં વિરોધ પ્રબળ બન્યો છે. દિલ્હી એઈમ્સની બહાર સેંકડો વિદ્યાર્થીઓએ 'વી વોન્ટ જસ્ટિસ'ના નારા લગાવ્યા હતા.તો આજે ગુજરાત સહિત દેશના અનેક ડોકટરોએ ન્યાયની માંગ સાથે વિરોધ યથાવત રાખ્યો હતો દરમ્યાન આ મામલે હાઈકોર્ટ લાલઘૂમ થઇ પ્રતિક્રિયા આપી છે. અને સ્પષ્ટપણે રાજ્ય સરકારની નિષ્ફળતા ગણાવી ટીપ્પણી કરી હતી**

નવી દિલ્હી/કોલકત્તા તા.૧૬

કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક જુનિયર મહિલા ડોક્ટર સાથે થયેલી નિર્દયતાની ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ મામલો ધીમે ધીમે વેગ પકડી રહ્યો છે. મહિલા ડૉક્ટર પર જે નિર્દયતાથી બળાત્કાર કરવામાં આવ્યો અને તેની હત્યા કરવામાં આવી, તેણે કોલકાતાની સાથે સાથે સમગ્ર ભારતને પણ આંચકો આપ્યો છે. આ ઘટનાને લઈને બંગાળથી લઈને દિલ્હી સુધી ગુસ્સો છે. દરેક વ્યક્તિ આ ભયાનક ઘટના વિશે વાત કરી રહી છે. પીડિતાને ન્યાય મળે તે માટે દરેક જગ્યાએ હડતાળ, સરઘસ અને દેખાવો થઈ રહ્યા છે. દરેકની એક જ માંગ છેઃ પીડિતાને ન્યાય મળવો જોઈએ, તેને ન્યાય મળવો જોઈએ, મહિલાઓને સુરક્ષા મળવી જોઈએ. આ કેસને લઈને સરકાર, વિપક્ષ અને ડૉક્ટરોપબધા રસ્તા પર. તમને જણાવીએ કોની શું માંગ છે?.. કોલકાતાના તબીબ બળાત્કાર-હત્યા કેસમાં ડોક્ટરો તરફથી ઘણી માંગણીઓ કરવામાં આવી રહી છે, તેમ છતાં પ્રથમ અને સૌથી મહત્વની માંગ એ છે કે પીડિતાને ન્યાય મળે. તમામ હોસ્પિટલો માં ડોકટરો અને આરોગ્ય કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. મૃતક તબીબના પરિવારને યોગ્ય વળતર આપ વામાં આવે અને આ મામલે વહેલી તકે ન્યાય કરવામાં આવે. ડોકટરો સરકાર પાસે સેન્ટ્રલ હેલ્થકેર પ્રોટેક્શન એક્ટ-ની પણ માંગ કરી રહ્યા છે. આ ઘટના સામે ડોક્ટરો સતત વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે અને પીડિતા સામે ન્યાયની માંગ કરી રહ્યા છે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા રેસિડેન્ટ ડોક્ટર્સ એસોસિએશન (FORDA) એ તાજેતરમાં આ ઘટના સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આજે પણ, કોલકાતામાં એક મહિલા ડૉક્ટર સાથે કરવામાં આવેલી નિર્દયતાના વિરોધમાં નિવાસી ડૉક્ટરો રાષ્ટ્રીય





રાજધાની દિલ્હીમાં વિરોધ માર્ચ કાઢશે.

કોલકાતાની હોસ્પિટલમાં બનેલી ભયાનક ઘટનાને લઈને વિપક્ષ સતત મમતા સરકાર પર પ્રહારો કરી રહ્યો છે. ભાજપ સતત મમતા સરકારનો વિરોધ કરી રહ્યું છે. ભાજપ આજે પશ્ચિમ બંગાળમાં પણ રસ્તો રોકો આંદોલન કરશે. કોંગ્રેસનું કહેવું છે કે આરોપીઓને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ ઘટના પર રાહુલ ગાંધીએ તાજેતરમાં કહ્યું હતું કે પીડિતાને ન્યાય આપવાને બદલે આરોપીઓને બચાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ બાબતો હોસ્પિટલ અને સ્થાનિક વહીવટીતંત્ર પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. બંગાળ ભાજપનું કહેવું છે કે પુરાવાનો નાશ કરવા માટે હોસ્પિટલમાં તોડફોડ કરવામાં આવી હતી. અહીં બહેન-દીકરીઓ સુરક્ષિત નથી.

## હાઈકોર્ટ લાલઘૂમ; કહ્યુ સરકારની નિષ્ફળતા

નવી દિલ્હી, તા.૧૬

કોલકાતાની આરજી કર હોસ્પિટલની ડોક્ટર સાથે બનેલી ઘટના બાદ એક તરફ સીબીઆઇ તપાસ કરી રહી છે ત્યા બીજી તરફ વિરોધ વચ્ચે ૧૪ ઓગસ્ટે હિંસાનો મામલો સામે આવ્યો હતો અને હોસ્પિટલ મા તોડફોડ કરી અજાણ્યા ટોળાએ ભારે અરાજકતા સર્જી હતી ત્યારે આ મામલે શુક્રવારે કોલકતા હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ ટીએસ શિવગનમે રાજ્ય સરકાર અને પોલીસને ફટકાર લગાવી કહ્યુ હતુ કે ૭ હજારનું ટોળું હોસ્પિટલ માં તોડફોડ કરવા આવ્યું હતું. પોલીસ શું કરી રહી હતી? વકિલોની દલીલો બાદ કોર્ટે કહ્યુ હતુ કે આવા મામલા પર ૧૪૪ લગાવી શકાઈ હોત. ૭૦૦૦લોકોઅચાનકના આવી શકે. આ સ્પષ્ટપણે રાજ્ય સરકારની નિષ્ફળતા છે. પોલીસ પોતાને બચાવી શકતી નથી. તમે ડૉક્ટરો ને કેવી રીતે બચાવશો? ટ્રેઈની ડૉક્ટર ની બળાત્કાર-હત્યા બાદ દેશભરમાં ડૉક્ટરોની હડતાળ અને વિરોધ પ્રદર્શનો વચ્ચે ૧૪ ઓગસ્ટે ટોળાએ હિંસક બનીને હોસ્પિટલમાં તોડફોડ કરી હતી. જે બાદ આજે કોર્ટે જાટકણી કાઢી હતી.

## આઈએમએ દેશવ્યાપી હડતાળની જાહેરાત

કોલકાતાની સરકાર સંચાલિત આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ માં એક મહિલા તાલીમાર્થી ડૉક્ટર પર રેપ અને હત્યાના વિરોધમાં ટોળા દ્વારા સ્થળ પર તોડફોડ પછી ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) એ ગુરુવારે જાહેરાત કરી કે તે વિરોધ કરશે. ૧૭ ઓગસ્ટ (શનિવાર) ના રોજ સવારે ૬ વાગ્યાથી સમગ્ર દેશમાં ૨૪ કલાક માટે બિન-ઈમરજન્સી સેવાઓ બંધ રહેશે. મેડિકલ સંસ્થાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આવશ્યક સેવાઓ ચાલુ રહેશે અને ઈમરજન્સી વોર્ડમાં મેડિકલ કાર્ય પણ ચાલુ રહેશે. IMA-એ કહ્યું કે, આઉટ પેશન્ટ ડિપાર્ટમેન્ટ (OPD) માં સેવાઓ બંધ રહેશે અને વૈકલ્પિક શસ્ત્રક્રિયાઓ કરવામાં આવશે નહીં. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજમાં આચરવામાં આવેલા જઘન્ય અપરાધ અને સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ (બુધવારની રાત્રે) દેખાવકારો દ્વારા કરવામાં આવેલી ગુંડાગીરીને પગલે IMAએ શનિવારે સવારે ૬ વાગ્યાથી રવિવાર (૧૮ ઓગસ્ટ)ના રોજ સવારે ૬ વાગ્યા સુધી ૨૪ કલાક માટે દેશભરના એલોપેથી ડૉક્ટરોની સેવાઓ બંધ રાખવાની જાહેરાત કરી છે.

## ગુજરાતમાં વિરોધ, રાજકારણ

કોલકાતાનાં રેસિડેન્સીયલ મહિલા ડોક્ટર પર નરાધમ દ્વારા દુષ્કર્મ આચર્યા બા તેને મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી. પીડીતાને ન્યાય અપાવવા મામલે સમગ્ર દેશમાં ડોક્ટરો હડતાળ પર ઉતર્યા છે. ભાજપનાં રાષ્ટ્રીય પ્રવક્તા ગોપાલ અગ્રવાલ ગુજરાત મુલાકાતે છે. ત્યારે કમલમ ખાતે તેઓએ મમતા સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમજ બંગાળ સરકાર આરોપીઓને છાવરતી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ગોપાલ અગ્રવાલે નિવેદન આપ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં ખરાબ ઘટના બની છે. આજે આખા દેશમાં લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં એક પછી એક ઘટનાઓ બની રહી છે. મહિલા રેસિડેન્ટ ડોક્ટર સાથે જે ઘટના બની છે એ દુઃખદ છે. પણ ઘટના પર સરકારે કામ કર્યુંએ અતિ દુર્ભાગ્ય પૂર્ણ છે. મમતા બેનરજીનાં નિવેદનથી સ્પષ્ટ થાય છે કે તેઓ આરોપીઓને છાવરે છે. તેમજ મમતા બેનરજીનું નિવેદન આરોપીઓને તરફી છે. તેમજ પરિવારનાં લોકોને ૩ કલાક સુધી બેસાડી રાખ્યા હતા. તેમજ દીકરીનાં મૃતદહે જોવા પણ દીધો ન હતો. પોલીસ હત્યાને નેચરલ ડેથનું કારણ આપે છે. સુદીપ ઘોષ, સંજય રોયનાં ટીએમસી નેતાઓનાં પોલીસ સાથે સારા સબંધ છે.

## બોલિવૂડના દિગ્ગજોએ ઉઠાવ્યો અવાજ

કોલકાતાની સરકારી હોસ્પિટલમાં લેડી ડોક્ટર સાથે થયેલી બર્બરતા બાદ દેશભરમાં આક્રોશનો માહોલ છે. બળાત્કાર અને હત્યાની આ ઘટનાને પગલે સમગ્ર દેશમાં ગુસ્સાનું વાતાવરણ છે. જ્યાં એક તરફ ડોક્ટ-રો વિવિધ જગ્યાએ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે તો બીજી તરફ બોલિવૂડ સેલેબ્સે આ મામલાને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે. આ દુર્ઘટનાથી સામાન્ય લોકો જ નહીં પરંતુ ફિલ્મ સ્ટાર્સને પણ આંચકો લાગ્યો છે. સેલેબ્સે દેશની મહિલાઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો છે. આ દરમિયાન તેણે ન્યાય માટે અપીલ કરી છે. આલિયા ભટ્ટ, પ્રીતિ ઝિન્ટા, સામંથા રૂથ પ્રભુ, જેનેલિયા ડિસોઝા, કૃતિ સેનન અને રિતિક રોશને આ મામલે નિરાશા વ્યક્ત કરી છે. અભિનેત્રીએ કહ્યુંઃ નિર્ભયાની ઘટના પછી પણ કેવી રીતે મહિલાઓ પર અત્યાચાર ઓછો નથી થઈ રહ્યો. આ સાથે એક ચોંકાવનારો ડેટા પણ શેર કર્યો. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો રિપોર્ટ ૨૦૨૨ના ડેટામાં છોકરીઓ સામેના ગુનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

## ઈસરોની સિધ્ધી : EOS-08 ઉપગ્રહ લોન્ચ કર્યો

ઈસરોએ ફરી એકવાર ઈતિહાસ રચી દેશના સૌથી નાના રોકેટ SSLV-D3 પર શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ-૮ (EOS-08) લોન્ચ કર્યો છે. આ ઉપગ્રહને પૃથ્વીની ભ્રમણકક્ષા ની બહાર લગભગ ૪૭૫ કિમી દૂર સ્થાપિત કરવામાં આવશે. જે એક વર્ષ માટે કામ કરશે. સેટેલાઇટ પર્યાવરણ અને આપત્તિ સંબંધિત સચોટ માહિતી પ્રદાન કરવામાં મદદરૂપ બનશે.ઈઓઆઈઆર પેલોડને સેટેલાઇટ આધારિત નિરીક્ષણ, આફત પર નજર રાખવા, પર્યાવરણ પર નજર રાખવા અને તેની તસવીરો ખેંચવા માટે ડિઝાઈન કરાયું છે. જીએનએસએસ-આર સમુદ્રની સપાટીની હવાનું વિશ્લેષણ, માટીના ભેજનું આકલન, પૂર વિશે જાણકારી આપવા માટે તૈયાર કરાયુ છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનને આજે વધુ એક સફળતા મળી છે. મિશન ફેબ્રુઆરી ૨૦૨૩માં સ્મોલ સેટેલાઇટ લૉન્ચ વ્હીકલની બીજી ટેસ્ટ ફ્લાઇટના બીજા સફળ પ્રક્ષેપણને અનુસરે છે. જાન્યુઆરીમાં PSLV-C58/XpoSat અને ફેબ્રુઆરીમાં GSLV-F14/INSAT-3DS મિશનના સફળ પ્રક્ષેપણ પછી આજનું મિશન બેંગલુરુ-મુખ્યમથકવાળી સ્પેસ એજન્સી માટે ૨૦૨૪માં ત્રીજું છે. ISROએ જણાવ્યું હતું કે SSLV-D3-EOS08 મિશન – પ્રક્ષેપણ પહેલા સાડા છ કલાક નું કાઉન્ટડાઉન ૦૨.૪૭ કલાકે શરૂ થયું હતું. ISROએ જણાવ્યું હતું કે SSLV-D3-EOS-08 મિશનનો એક પ્રાથમિક ઉદ્દેશ્ય માઇક્રોસેટેલાઇટ ડિઝાઇન અને વિકાસ કરવાનો છે. તેમજ માઇક્રોસેટેલાઇટ સાથે સુસંગત પેલોડ સાધનો બનાવવા અને ભવિષ્યના ઓપરેશનલ ઉપગ્રહો માટે જરૂરી નવી તકનીકોનો સમાવેશ કરવો. આજના મિશન સાથે, ISRO એ સૌથી નાના રોકેટની વિકાસલક્ષી ઉડાન પૂર્ણ કરી છે, જે ૫૦૦ કિલોગ્રામ સુધીના વજનના ઉપગ્રહોને લઈ જઈ શકે છે. અવકાશયાનનું મિશન એક વર્ષનું છે. તેનું વજન આશરે ૧૭૫.૫ કિગ્રા છે.

## યોગી આદિત્યનાથે સતત ૭ વર્ષ ૧૪૮ દિવસ સુધી સીએમ બનવાનો નવો રેકોર્ડ બનાવ્યો

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઘણા કદાવર મુખ્યમંત્રીઓ મુલાયમ સિંહ યાદવ, માયાવતી અને અખિલેશ યાદવને પાછળ છોડતાં રેકોર્ડ બનાવ્યો છે. તે ઉત્તર પ્રદેશમાં સૌથી લાંબા સમય સુધી સતત કાર્યકાળ સંભાળાર મુખ્યમંત્રી બની ગયાં છે. યોગી આદિત્યનાથે સતત ૭ વર્ષ ૧૪૮ દિવસ સુધી સીએમ બનવાનો નવો રેકોર્ડ બનાવ્યો છે. યોગી પહેલા કોંગ્રેસના મુખ્યમંત્રી ડોક્ટર સંપૂર્ણાનંદ આ પદ પર સૌથી વધુ સમય સુધી રહ્યાં છે. એટલું જ નહીં તે ઉત્તર પ્રદેશના વિધાન ભવન પર સતત આઠમી વખત ધ્વજ ફરકાવનાર પહેલા મુખ્યમંત્રી પણ બની ગયા છે. ચૌધરી ચરણ સિંહ, મુલાયમ સિંહ યાદવ, માયાવતી અને અખિલેશ યાદવ સીએમ યોગીની આસપાસ પણ નથી. માયાવતીએ ચાર વખત યુપીના મુખ્યમંત્રી જ્યારે મુલાયમ સિંહે ત્રણ વખત શપથ લીધા પરંતુ તેમ છતાં તેઓ આ સિદ્ધિ મેળવી શક્યાં નહીં. બસપા પ્રમુખ માયાવતીએ ચાર વખત યુપીના મુખ્યમંત્રી પદના શપથ લીધા હતાં પરંતુ તેમનો સંપૂર્ણ કાર્યકાળ સાત વર્ષ ૧૬ દિવસનો હતો. મુલાયમ સિંહ યાદવ ત્રણ વખત મુખ્યમંત્રી બન્યા. આ દરમિયાન મુલાયમ સિંહ યાદવનો કુલ કાર્યકાળ છ વર્ષ ૨૭૪ દિવસનો રહ્યો હતો.

## શેરબજારમાં તેજીનો માહોલ, સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ ઉછળ્યો

મજબૂત વૈશ્વિક પરિબળોના પગલે આજે શેરબજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. મોર્નિંગ સેશનમાં સેન્સેક્સ ૮૮૨.૩૪ પોઈન્ટ ઉછળી ૭૯૯૮૮.૨૨ના લેવલે પહોંચ્યો હતો. જે બપોરના સેશનમાં ૧૦૪૦ પોઈન્ટ સુધી વધ્યો હતો. નિફ્ટી પણ ૨૪૫૦ની અતિ મહત્ત્વની સપાટી ક્રોસ કરવામાં સફળ રહ્યો હતો. રોકાણકારોની મૂડી રૂ. ૪ .૨૩ લાખ કરોડ વધી હતી. અમેરિકાનો ફુગાવો ૩ વર્ષના તળિયે નોંધાતા આગામી સપ્ટેમ્બર થી ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરો ઘટવાની શક્યતા પ્રબળ બની છે. જેનો ટેકો ઈક્વિટી બજારને મળ્યો છે. અમેરિકી, યુરોપ અને એશિયન બજાર-ો માં સુધારો નોંધાયો છે. સેન્સેક્સ આજે ૭૯૦૦૦ના લેવલે ખૂલ્યા બાદ વધી ફરી પાછુ ૮૦૦૦૦નું લેવલ ક્રોસ કર્યું હતું. સેન્સેક્સ ૧.૨૦ વાગ્યે ૯૭૦.૧૩ પોઈન્ટ ઉછળી ૮૦૦૭૬.૦૧ પર અને નિફ્ટી ૩૦૯.૫૫ પોઈન્ટ ઉછાળા સાથે ૨૪૪૫૩.૩૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સાથે ૨૪૪૫૩.૩૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. બીએસઈ ખાતે ટ્રેડેડ ૩૯૬૧સ્ક્રિપ્સ પૈકી ૨૩૮૬ સ્ક્રિપ્સ સુધારા તરફી અને ૧૪૪૭ શેર્સ ઘટાડા તરફી ટ્રેડ થઈ રહી છે. સમાચાર લખાયા ત્યાં સુધીમાં ૧૭૭ શેર્સ વર્ષની ટોચે અને ૩૯ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા.

## જમ્મુ-કાશ્મીર-હરિયાણામાં વિધાનસભા ચૂંટણી જાહેર

**જમ્મુ-કાશ્મીરમાં ૧૮ સપ્ટેમ્બર, ૨૫ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે ૩ તબક્કામાં મતદાન થશે. હરિયાણામાં ૧ ઓક્ટોબરે એક તબક્કાનું મતદાન થશે. બંને રાજ્યોમાં પરિણામ ૪ ઓક્ટોબરે આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના લોકો ચૂંટણી માટે ઉત્સુક છે.૯૦-૯૦ બેઠકો માટે આ બે રાજ્યોમાં ચુંટણી થશે**

નવીદિલ્હી,તા.૧૭

ચૂંટણી પંચે આજે જમ્મુ-કાશ્મીર અને હરિયાણાની વિધાનસભા ચૂંટણી ની જાહેરાત કરી છે. જમ્મુ-કાશ્મીરમાં ૧૮ સપ્ટેમ્બર, ૨૫ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે ૩ તબક્કામાં મતદાન થશે. હરિયાણામાં ૧ ઓક્ટોબરે એક તબક્કાનું મતદાન થશે. બંને રાજ્યોમાં પરિણામ ૪ ઓક્ટોબરે આવશે.મહારાષ્ટ્રમાં ચૂંટણી યોજવા અંગે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી હરિયાણામાં એક જ ફેઝમાં ૯૦ બેઠકોની ચુંટણી યોજાશે જ્યારે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા બેઠકો ની સંખ્યા વધીને ૯૦ થઈ ગઈ છે. હવે જમ્મુમાં ૪૩ અને કાશ્મીરમાં ૪૭ સીટો પર ચુંટણી થશે ૨૦૧૪ બાદ જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાશે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે જમ્મુ-કાશ્મીરના લોકો તસવીર બદલવા માંગે છે. તમામ લોકો ચૂંટણી માટે ઉત્સુક છે. જમ્મુ-કાશ્મીરના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં કુલ ૧૧૮૦૦ મતદાન મથકોની વ્યવસ્થા કરવામાં આવી છે. હરિયાણામાં ૨ કરોડ મતદાતા, જેમાંથી ૪.૫૨ લાખ પહેલીવાર મતદાન કરશે જમ્મુ-કાશ્મીર ના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે, 'નેશનલ કોન્ફરન્સ એકલા ચૂંટણી લડશે કે કોઈની સાથે એ કહેવું સરળ નથી. અન્ય પક્ષો શું નિર્ણય લે છે તેના આધારે ભવિષ્ય જોવામાં આવશે. પાર્ટી આ નિર્ણય લેશે.'ચૂંટણી લડવા અંગે ફારૂક અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે, 'હું ચૂંટણી લડીશ.

## "રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક" : સ્વામીએ હાઈકોર્ટમાં અરજી કરી

નવી દિલ્હી, તા.૧૬

ભાજપ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ રાહુલ ગાંધીની નાગરિકતાને પડકારતી અરજી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. ગયા અઠવાડિયે જ સુબ્રમણ્યમ સ્વામીએ આરોપ લગાવ્યો હતો કે, રાહુલ ગાંધી પાસે બ્રિટિશ નાગરિકતા છે. હવે સુબ્રમણ્યમ સ્વામીએ રાહુલ ગાંધીની નાગરિકતાને લઈને કોર્ટનો સંપર્ક કર્યો છે અને માંગ કરી છે કે કેન્દ્ર સરકારને આ મામલે પગલાં લેવા હાઈકોર્ટ યોગ્ય આદેશ આપે. આ સિવાય સુબ્રમણ્યમ સ્વામીએ હાઈકોર્ટ પાસે માંગ કરી છે કે તે કેન્દ્ર સરકાર પાસેથી મારી ફરિયાદ પર સ્ટેટસ રિપોર્ટ માંગે. તેમણે આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધી પાસે બ્રિટિશ નાગરિકતા છે અને તેમની પાસે બ્રિટિશ પાસપોર્ટ પણ છે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૯ને ટાંકીને સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું હતું કે રાહુલ ગાંધી માત્ર એક જ દેશના નાગરિક બની શકે છે.

## ઉદયપુર અરાજકતા : કલમ ૧૬૩ લાગુ કરાઈ

નવી દિલ્હી, તા.૧૬

ઉદયપુરમાં શુક્રવારે એક સરકારી શાળાના બે વિદ્યાર્થી વચ્ચેની લડાઈને કારણે તણાવની સ્થિતિ પેદા થઈ ગઈ. ઝઘડા બાદ લોકોએ શોપિંગ મોલમાં તોડફોડ કરી અને પથ્થરમારો કર્યો. ગેરેજમાં પાર્ક કરેલી કારને પણ આગ ચાંપવામાં આવી હતી. પોલીસે લાઠી ચાર્જ કરીને દેખાવકારોને ભગાડ્યા હતા જો કે સ્થિતી સામાન્ય ન બનતા કલેક્ટર અરવિંદ પોસવાલે શહેરમાં કલમ ૧૬૩ લાગુ કરી દીધી હતી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા ભટ્ટિયાની ચોહટ્ટામાં એક વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થી પર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી હતી.આ ઘટનાથી રોષે ભરાયેલાં હિન્દુ સંગઠનોએ ચેતક સર્કલ, હાથીપોળ, અશ્વિની બજાર, બાપુ બજાર અને ઘંટાઘર વિસ્તારમાં દુકાનો બંધ કરાવી દીધી. ધીરે ધીરે આ ઘટના હિંસક બની હતી શહેરના લગભગ તમામ વિસ્તારો માં પોલીસ દળો તહેનાત છે. જેમાં શહેરના ૧૫ જેટલા પોલીસ સ્ટેશનની ફોર્સ તહેનાત કરવામાં આવી છે. પોલીસ લાઇનમાંથી વધારાના દળો પણ તહેનાત કરવામાં આવ્યા છે. તમામ પોલીસ અધિકારીઓ ફિલ્ડમાં રહીને દરેક ગતિવિધિ પર નજર રાખી રહ્યા છે. લોકોને શાંતિ જાળવવા અપીલ કરાઇ છે. ઘટનાની માહિતી મળતાં જ ઉદયપુરના સાંસદ ડૉ.મન્નાલાલ રાવત, શહેરના ધારાસભ્ય તારાચંદ જૈન અને ગ્રામ્ય ધારાસભ્ય ફૂલસિંહ મીણા પણ હોસ્પિટલ પહોંચ્યા.તો અન્ય સંગઠનો પણ ત્યા પહોચ્યા હતા જો કે હાલ સ્થિતી સામાન્ય થવા તરફ છે.

## સાવધાન ! હવે મંકીપોક્સ મહામારીનો ખતરો : ડબ્લ્યુએચઓની ચેતવણી

વોશિંગ્ટન,તા.૧૬

કોરોના વાયરસ મહામારીથી લઈને લોકડાઉનની ત્રાસદી સુધી...૨૦૧૯-૨૦નો એ દોર તો તમને યાદ હશે. કોવિડ-૧૯એ આખી દુનિયામાં હાહાકાર મચાવી દીધો હતો. જેની અસર હજુ પણ જોવા મળે છે. કોરોના વાયરસના નવા વેરિએન્ટ્સ સામે આવતા રહે છે. કોરોનાનો કહેર હજુ ઓછો થયો જ હતો કે ત્યાં દુનિયામાં એક નવી બીમારીએ દસ્તક આપી છે. વિશ્વ આરોગ્ય સંગઠને તેને ગ્લોબલ પબ્લિક હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. જેના વિશે ચિંતાઓ સેવાઈ રહી છે તે બીમારીનું નામ છે મંકીપોક્સ. દુનિયાના અનેક લોકો ઝડપથી આ બીમારીની ઝપેટમાં આવી રહ્યા છે. ખાસ કરીને આફ્રીકી દેશ કોંગો અને તેની આજુબાજુના વિસ્તારોમાં આ બીમારી ઝડપથી ફેલાઈ રહી છે. તેને લઈને ડબ્લ્યુએચઓએ હાઈ એલર્ટ જાહેર કર્યું છે. આ બીમારી ૨૦૨૨ની સરખામણીમાં વધુ ગંભીર અને જીવલેણ સાબિત થઈ શકે છે. મંકીપોક્સનો જૂનો વેરિએન્ટ પહેલેથી જ દુનિયાના અનેક દેશોમાં મળી ચૂક્યો છે. પરંતુ નવો વેરિએન્ટ કોંગો સિવાય ક્યાંય સામે આવ્યો નથી. અમેરિકા અને બ્રિટનમાં પણ નવા વેરિએન્ટના કેસ મળ્યા નથી. અમેરિકન સીડીસીએ ડોક્ટરો માટે ચેતવણી જાહેર કરી છે કે ત્વચા પર ચકામા કે ઘા જેવી બીમારીઓમાં સતર્ક રહેવાની જરૂર છે.

અત્રે જણાવવાનું કે મંકીપોક્સ બીમારી મોટાભાગે શારીરિક સંબંધ કે સમલૈંગિક સંબંધ બનાવવાના કારણે એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં ટ્રાન્સફર થાય છે. આવામાં મંકીપોક્સની સરખામણી અવારનવાર એઈડ્સ જેવી બીમારી સાથે પણ થાય છે. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડો એ પણ કેનેડાવાસીઓને અલર્ટ કર્યા છે. તેમણે બધાને ચેતવણી જાહેર કરતા કહ્યું કે એક નવો વાયરસ આવવાનો છે. જે કોવિડ ૧૯થી પણ વધુ ખતરનાક હોઈ શકે છે.

## વડાપ્રધાન નો લાલ કિલ્લા પરથી દેશને સંદેશ

**અમે વિશ્વને કહેવા માંગીએ છીએ કે તેમને પ્રગતિશીલ ભારતની ચિંતા કરવાની જરૂર નથી**

નવીદિલ્હી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસના અવસર પર લાલ કિલ્લા પર સતત ૧૧મી વખત ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો. આ અવસર પર પીએમ મોદીએ લગભગ એક કલાક અને ૪૧ મિનિટ સુધી રાષ્ટ્રને સંબોધન કર્યું. વડાપ્રધાને મહિલાઓ સામે વધતા ગુનાઓ, ભ્રષ્ટાચાર, ન્યાયિક પ્રણાલીમાં સુધારા, બાંગ્લાદેશની સ્થિતિ સહિત અનેક મુદ્દાઓ વિશે વાત કરી. મહિલાઓ વિરુદ્ધ વધી રહેલા અપરાધો પર ચિંતા વ્યક્ત કરતા પીએમ મોદીએ કહ્યું કે આપણે ગંભીરતા થી વિચારવું પડશે. આપણી માતાઓ, બહેનો અને પુત્રીઓ પર થઈ રહેલા અત્યાચારને લઈને સામાન્ય લોકોમાં રોષ છે. દેશ, સમાજ, આપણી રાજ્ય સરકારોએ આને ગંભીરતાથી લેવું પડશે. મહિલાઓ વિરુદ્ધના ગુનાઓની વહેલી તકે તપાસ થવી જોઈએ. રાક્ષસી કૃત્ય કરનારાઓને વહેલી તકે કડકમાં કડક સજા મળવી જોઈએ, સમાજમાં આત્મવિશ્વાસ જગાવવો જરૂરી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે આગામી પાંચ વર્ષમાં મેડિકલ અભ્યાસ માટે ૭૫ હજાર નવી બેઠકો બનાવવામાં આવશે. ૭૮મા સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની પ્રાચી પરથી પોતાના સંબોધનમાં તેમણે એમ પણ કહ્યું કે વિકસિત ભારતની સાથે આપણે એક સ્વસ્થ ભારતનું નિર્માણ કરવું પડશે. મોદીએ કહ્યું કે અમે છેલ્લા ૧૦ વર્ષમાં મેડિકલ સીટોની સંખ્યા વધારીને અંદાજે એક લાખ કરી છે. દર વર્ષે ૨૫ હજાર યુવાનો મેડિકલ અભ્યાસ માટે વિદેશ જાય છે. તેઓ એવા દેશોમાં જાય છે જે સાંભળીને મને આશ્ચર્ય થાય છે. તેમણે જાહેરાત કરી કે અમે નક્કી કર્યું છે કે આગામી પાંચ વર્ષમાં મેડિકલ લાઇનમાં ૭૫ હજાર નવી બેઠકો બનાવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે જ્યારે ૪૦ કરોડ દેશવાસીઓ ગુલામીની સાંકળો તોડીને દેશને આઝાદ કરી શકે છે, તો આજે ૧૪૦ કરોડ 'પરિવારના સભ્યો' પણ તે જ ભાવનાથી ભારતને સમૃદ્ધ બનાવી શકે છે. ૭૮મા સ્વતંત્રતા દિવસના અવસરે લાલ કિલ્લાની પ્રાચી પરથી દેશવાસીઓને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે 'વિકસિત ભારત ૨૦૪૭' એ માત્ર ભાષણના શબ્દો નથી પરંતુ તેની પાછળ સખત મહેનત ચાલી રહી છે અને સૂચનો લેવામાં આવી રહ્યા છે. દેશના સામાન્ય લોકો તરફથી. તેમણે કહ્યું કે આપણે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરી શકીશું. જો ૪૦ કરોડ દેશવાસીઓ પોતાના પ્રયત્નો, સમર્પણ, ત્યાગ અને બલિદાનથી આઝાદી મેળવી શકે અને સ્વતંત્ર ભારતનું નિર્માણ કરી શકે તો ૧૪૦ કરોડ દેશવાસીઓ પણ એ જ ભાવનાથી સમૃદ્ધ ભારત બનાવી શકે છે. વડાપ્રધાને કહ્યું કે આજે દેશ માટે જીવવાની પ્રતિબદ્ધતાનો સમય છે અને જો દેશ માટે મરવાની પ્રતિબદ્ધતા આઝાદી અપાવી શકે છે તો દેશ માટે જીવવાની પ્રતિબદ્ધતા પણ ભારતને સમૃદ્ધ બનાવી શકે છે. પીએમ મોદીએ કહ્યું કે તેમની આગેવાની હેઠળની સરકાર દેશમાં મોટા સુધારાઓ માટે પ્રતિબદ્ધ છે અને તે



રાજકીય યોગ્યતાના આધારે નહીં પરંતુ 'રાષ્ટ્રીય હિત સર્વોપરી'ના સંકલ્પ સાથે પગલાં લે છે. ૭૮માં સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની પ્રાચી પરથી તેમના સંબોધનમાં, તેમણે છેલ્લા ૧૦ વર્ષો દરમિયાન લેવામાં આવેલા પગલાં અને મુખ્ય યોજનાઓનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેમની સરકારે 'સ્થિતિસ્થિતિ'ની માનસિકતાનો અંત લાવ્યો છે. મોદીએ કહ્યું કે અગાઉ દેશમાં યથાસ્થિતિનું વાતાવરણ હતું. લોકો કહેતા હતા કે કશું થવાનું નથી. અમારે આ માનસિકતા તોડવી હતી અને અમે કર્યું. મોદીએ કહ્યું, "દેશનો સામાન્ય નાગરિક પરિવર્તન ઈચ્છે છે. અમે મોટા સુધારા કર્યા છે.

## બાંગ્લાદેશના વડા મોહમ્મદ. યુનુસે પીએમ મોદી સાથે વાત કરી

નવીદિલ્હી,તા.૧૬

મોહમ્મદ યુનુસ બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના વડા છે, જે રાજકીય અસ્થિરતા સાથે સંઘર્ષ કરી રહી છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ભારત સાથેના સંબંધો અંગે વાત કરી હતી. પીએમ મોદી સાથે ફોન પર વાત કરતી વખતે, મોહમ્મદ યુનુસે લોકશાહી અને દેશમાં શાંતિ પુનઃસ્થાપિત કરવા જેવા મુદ્દાઓ પર મહત્વની વાત કરી હતી. પીએમ મોદીએ પોતાના એક્સ હેન્ડલ પર લખ્યું, 'બાંગ્લાદેશના વચગાળાના સરકારના વડા પ્રોફેસર મોહમ્મદ યુનુસ સાથે ફોન પર વાત કરી. વર્તમાન પરિસ્થિતિ અંગે વિચારોની આપ-લે કરી. યુનુસે પીએમ મોદીને બાંગ્લાદેશમાં હિન્દુઓ અને તમામ લઘુમતીઓની સુરક્ષાની ખાતરી આપી હતી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે મોહમ્મદ યુનુસ સાથેની તેમની વાતચીત દરમિયાન તેમણે બાંગ્લાદેશને લોકતાંત્રિક, સ્થિર અને શાંતિપૂર્ણ દેશ બનાવવા માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો. અગાઉ, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે ઢાકામાં ભારતના ઉચ્ચાયુક્તે બાંગ્લાદેશના વચગાળાના વહીવટી તંત્રના અધિકારીઓ સાથે વાત કરી છે અને ભારતની ચિંતાઓ જણાવી છે. અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. જ્યાં સુધી સ્થિતિ સામાન્ય નહીં થાય ત્યાં સુધી આ ચિંતાઓ રહેશે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી કે બાંગ્લાદેશ સાથે સામાન્ય વિઝા સેવાઓ હાલમાં પુનઃસ્થાપિત કરવામાં આવી નથી. ભારતે સ્પષ્ટ કર્યું કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરશે ત્યારે જ સંપૂર્ણ વિઝા સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવશે. ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના ભારતમાં રોકાણ અને તેમની ભાવિ યોજનાઓ સંબંધિત પ્રશ્નો પર, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વધુ કંઈપણ કહેવાનો ઈનકાર કર્યો હતો.

# સમગ્ર કચ્છમાં સ્વતંત્રતા દિવસ દબદબાભેર ઉજવાયો


કારાઘોઘા


લખપત પંચાયત


લખપત જુલરાઈ


રાપર પોલીસ સ્ટેશન


લોદ્રાણી


લખપત કિલ્લો


માંડવી


સાંઘવ


નડાબેટ


પંચમહાલ


ભુજ કોંગ્રેસ



ભુજ એસીબી



દીનદયાલ પોર્ટ


સ્વિડન


ખેંગારપર


માંડવી કોર્ટ


પાનન્ધ્રો


રવાપર



અંજાર પાલિકા


ભકલ બેટ લખપત


સરહદ ડેરી

**અંજાર :** રાષ્ટ્રના ૭૮ માં સ્વાતંત્રદિનની ઉજવણીના ઉપલક્ષમાં અંજાર નગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું .સવારે ૧૦-૧૫ કલાકે અંજાર નગરપાલિકા કચેરીના પટાંગણમાં પ્રમુખશ્રી વૈભવ કોડરાણીના વરદ હસ્તે ધ્વજવંદન થયું હતું. તેમની સાથે ઉપપ્રમુખ શ્રીમતી શિલ્પા બુદ્ધભટ્ટી, કારોબારી સમિતિના ચેરમેન પાર્થ સોરઠીયા,શાસકપક્ષના નેતાશ્રી નિલેશગિરિ ગોસ્વામી, દંડક શ્રીમતી કલ્પના ગોર, કચેરી અધિક્ષક ખીમજી પાલુ સિંધવ જોડાયા હતાં તો અંજાર શહેરમાં પણ અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા સાથે અન્ય સ્થળો પર ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.

**લખપત :** દયાપર ખાતે તાલુકા પંચાયત કચેરીના પ્રાંગણમાં યોજાયેલ રાષ્ટ્રીય પર્વ ૧૫ મી ઓગસ્ટની ઉજવણી અંતર્ગત તાલુકા પંચાયત મહિલા પ્રમુખ દયાબા જશુભા જાડેજાએ તિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી તો જુલરાઈ ખાતે લખપત તાલુકા કક્ષાનો ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો હતો તાલુકા મામલતદાર એસ એ ડોડીયાએ તિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજ ને સલામી આપી હતી, શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા જેમાં વિવિધ આગેવાનો જોડાયા હતા કચ્છના છેવાડે આવેલા લખપતના ઐતિહાસિક કિલ્લા પર દયાપર પોલીસ દ્વારા તિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્યમાં એકમાત્ર અહીંના આ કિલ્લા પર રાષ્ટ્રીય પર્વ ની ઉજવણી અંતર્ગત ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાય છે અહીં યોજાયેલ આ પર્વની ઉજવણના કાર્યક્રમમાં દયાપર પોલીસ મથકના પી.એસ.આઇ કે.એ.જાડેજાએ તિરંગો લહેરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી

**મુન્દ્રા :** મુન્દ્રા તાલુકા માં આજે ૭૮ મા સ્વાતંત્ર્ય દિનની શહેર તેમજ તાલુકા માં રંગેચંગે ઉજવણી કરાઈ હતી અહીં તાલુકા કક્ષાની ઉજવણી કારાઘોઘા ગામે કરાઈ હતી અને માંડવી મુન્દ્રા વિસ્તારના પ્રાંત અધિકારી ચેતન મીસણ એ રાષ્ટ્ર ધ્વજ ને સલામી આપી પ્રજા જોગ સંબોધન કર્યું હતુ આ પ્રસંગે માંડવી મુન્દ્રા વિસ્તાર ના ધારાસભ્ય એ સ્વાતંત્ર્ય દિન ની ભારત વાસીઓ ને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી આ પ્રસંગે વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરાયુ હતું મુન્દ્રા બારોઇ નગરપાલિકા અને શહેર ભાજપ પરિવાર દ્વારા શહેર ના જવાહર ચોકમાં સુધરાઇના ઉપપ્રમુખ જીતેન્દ્ર માલમ એ રાષ્ટ્રધ્વજ ને સલામી આપી શહેરીજનો ને સંબોધ્યા હતા સુધરાઇ ના પ્રમુખ રચનાબેન જોશી એ શહેરીજનો ને આજના દિવસ ની શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ સંજય ઠક્કર, સુધરાઈ કારોબારી ચેરમેન ભોજરાજ ગઢવી, ધમભા ઝાલા, દિલીપ ગોર તેમજ શહેર યુવા ભાજપ પ્રમુખ કરણ મહેતા અને સુધરાઇ ના કાઉન્સિલરો અને શહેર સંગઠન ના હોદેદારો હાજર રહ્યા હતા.

**કચ્છ કોગ્રેસ :** કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજા ના વરદહસ્તે જિલ્લા મથક ભુજ મધ્ય કોંગ્રેસભવન ભુજ ખાતે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન કરાયું હતું સેવાદળના જિલ્લા ચેરમેન રાજેશ સોનીએ સલામીની પ્રક્રિયા કરી હતી આ પ્રસંગે જાડેજાએ ભારત દેશની આઝાદીમાં પોતાના પ્રાણની આહુતિ આપનાર શહીદોને યાદ કર્યા હતા ધ્વજવંદન વેળાએ રામદેવસિંહ જાડેજા કિશોરદાન ગઢવી, લાખાજી સોઢા, કાસમ સમા ,ધીરજ ગરવા, ગની કુંભાર, દેવેન્દ્રસિંહ જેઠવા, એચએસ આહીર,,હાસમ સમા ,યોગેશ પોકાર,દિલીપ મહેશ્વરી, રણજીતસિંહ જાડેજા, તેહસીન મણીયાર, મુસ્તાક હિંગોરજા, બલરાજ જોશી, ફકીરમામદ કુંભાર, રજાકભાઈ ચાકી ગોવિંદ હિરાણી, સેહઝાદ સમા, સહિતના કોગ્રેસી આગેવાનો જોડાયા હતા

**રાપર :** રાપર તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય દિન ની ઉજવણી રાપર તાલુકાના લોદ્રાણી ના એકતા નગર ખાતે મામલતદાર એમ.કે પ્રજાપતિ ના હસ્તે કરવામાં આવી હતી જેમાં વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાષ્ટ્ર ધ્વજને મામલતદાર રાજપૂત દ્વારા સલામી આપવામાં આવી હતી ઉપરાંત શાળાના બાળકો એ દેશ ભક્તિની ઝાંખી કરાવતા કાર્યક્રમ રજુ કર્યા હતા તાલુકા પંચાયત કચેરી ખાતે ઉપ પ્રમુખ ભાવેશ પટેલ દ્વારા નગરપાલિકા કચેરી ખાતે ચીફ ઓફિસર રવાજી જાડેજા એ રાષ્ટ્ર ધ્વજ ને સલામી આપી હતી રાપર શહેર અને તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં રાષ્ટ્રીય પર્વ ની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી આમ વાગડ વિસ્તારમાં ૭૮ મા સ્વાતંત્ર્ય દિન ની ઉજવણી કરવામાં આવી હતી ખેંગારપર પ્રાથમિક શાળા મા સ્વાતંત્ર્ય દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. બાળકો રમતગમત તથા બહારની અન્ય પ્રવૃત્તિઓમાં વધુ સમય વેડફશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા. તમારા પ્રયાસ માટે લોકો કામના સ્થળે તમારી નોંધ લેશે. આ રાશિ ના લોકોએ આજે ??પોતાને માટે સમય લેવા ની જરૂર છે, જો તમે આ નહીં કરો તો તમને માનસિક મુશ્કેલીઓ આવી શકે છે.

**વૃષભ :**
આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ઘરમાં કોઈક વિધી કરાવશો. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે-એના કરતાં તમારે મગજ શાંત રાખી તમારી લાગણીઓ તમારા પ્રેમી કે પ્રેમિકાને જણાવવી જોઈએ. તમારા ધ્યેયની દિશામાં શાંતિપૂર્વક કામ કરો અને તમે સફલતા સુધી ન પહોંચો ત્યાં સુધી તમારો હેતુ છતો ન કરો. આજે હવામાન નો મૂડ એવો રહેશે કે તમે પથારી માં થી ઉભા થઈ શકશો નહીં.

**મિથુન :**
આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે. તમે વાસ્તવિક્તા સાથે મુકાબલો કરશો તેથી તમારે તમારા પ્રિયપાત્રને ભૂલી જવું પડશે. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે. ધાર્યા પરિણામો આપવા માટે તમારે તમારા પ્રયાસોને કેન્દ્રિત કરવાની જરૂર છે.

**કર્ક :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? આજે તમે જે સામાજિક મેળાવડામાં સહભાગી થવાના છો તેમાં તમે આકર્ષણનું કેન્દ્ર હશો. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે. પ્રવાસન ક્ષેત્ર તમને આકર્ષક કારકિર્દી આપી શકે છે. તમારી મહત્વાકાંક્ષાને ઓળખી તેની માટે સખત મહેનત કરવાનો સમય. સફળતા તત્પરાપૂર્વક તમારી રાહ જોઈ રહી છે.

**સિંહ :**
આજના દિવસે ધૂમ્રપાન છોડો કેમ કે એનાથી તમે શારીરિક રીતે સ્વસ્થ રહેશો. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે. આજે તમારા મગજમાં આવતા નાણાં બનાવવાની યોજનાનો લાભ લો. જો તમે તમારા ઘર ની બહાર રહો છો અને અભ્યાસ કરો છો અથવા નોકરી કરો છો, તો આજે તમે તમારા પરિવાર ના સભ્યો સાથે ફ્રી ટાઈમ માં વાત કરી શકો છો. તમે ઘરે થી કોઈ સમાચાર સાંભળી ને ભાવનાત્મક પણ થઈ શકો છો.

**કન્યા :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે રૉમાન?સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો-તમારી શૈલી અને કામ કરવાની નવી રીતો તમને નિકટથી જોનારા લોકોમાં રસ જગાડશે. ચંદ્રમા ની સ્થિતિ ને જોતા, એમ કહી શકાય કે આજે તમારી પાસે ખુબ મફત સમય રહેશે, પરંતુ તે પછી પણ તમે જે કામ કરવા નું હતું તે કરી શકશો નહીં.

**તુલા :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણ પણે તમારો સાથ આપશે? નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારી સામે કોઈ આજે પ્રેમનો પ્રસ્તાવ મૂકે એવી શક્યતા છે. તમે જે હંમેશાં કરવા માગતા હતા એ કામ કરવાની તક તમને આજે મળી શકે છે. ખાલી સમય માં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝજોઈ શકો છો. આજે લગ્ન તમારા જીવનના શ્રેષ્ઠ તબક્કે પહોંચશે.

**વૃશ્ચિક :**
આજના દિવસે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. આજે તમને કામના સ્થળે એ જાણવા મળી શકે છે કે જેને તમે તમારો દુશ્મન ગણતા હતા એ ખરેખર તો તમારો શુભચિંતક છે. આ રાશિ ના વયસ્ક લોકો મફત સમય માં આજે તેમના જૂના મિત્રો ને મળવા જઈ શકે છે. તમારો મિજાજ બગડેલો હોવાથી તમે તમારા જીવનસાથીથી ચીડાયેલા રહેશો.

**ધન :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. રૉમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે. કોઈ પણ સંજોગો માં, તમારે તમારા સમય ની કાળજી લેવી જોઈએ. યાદ રાખો, જો તમે સમય ની કદર ન કરો તો તે ફક્ત તમને નુકસાન કરશે. તમારા જીવનસાથી તમારી યોજના અથવા પ્રોજેક્ટમાં ખલેલ પાડી શકે છે, તમારી ધીરજ ખોતા નહીં.

**મકર :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા. બિઝનેસમેન્સ માટે સારો દિવસ. બિઝનેસ માટે એકાએક હાથ ધરાયેલો પ્રવાસ હકારાત્મક પરિણામ લાવશે. આજના દિવસે હાથમાં લેવાયેલું બાંધકામ તમારા સંતોષ મુજબ પૂરૂં થશે. આજનો દિવસ તમારા લગ્નજીવન માટે ખરેખર મહત્વનો છે. તમે તમારા જીવનસાથીને કેટલો પ્રેમ કરો છો તેની જાણ તેને થવા દો.

**કુંભ :**
આજના દિવસે આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે. આજે તમને સમજાશે કે પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂં કરી રહ્યા છો. તમારે જે સંબંધો ને મહત્ત્વ આપ્યું છે તેને સમય આપવા નું શીખવું પડશે, નહીં તો સંબંધ તૂટી શકે છે. એવું જણાય છે કે તમને તમારા જીવનસાથી તરફથી વિશેષ ધ્યાન મળશે.

**મીન :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કાનું ટૅન્શને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નથી. આજે, રાત્રે, તમારે ઘર ના લોકો થી દૂર થવું અને તમારા ઘર ની છત અથવા પાર્ક પર ચાલવું ગમશે. આજે તમારા જીવનસાથી તમને તેમની બહુ સારી ન કહેવાય એવી બાજુ દેખાડશે.

# FILMY ગપશપ

## 'ચંદુ ચેમ્પિયન' જોયા બાદ મનુ ભાકરે કાર્તિક આર્યનના વખાણ કર્યા

મુંબઈ, તા.૧૬

બોલિવૂડ સ્ટાર કાર્તિક આર્યનની પાછલી ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન'ના ખૂબ વખાણ થયા હતા. ક્રિટિક્સને ફિલ્મની વાર્તા કહેવાની સાથે સાથે કાર્તિકનું કામ પણ ગમ્યું. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ ના કરી શકી અને ફ્લોપ થઈ ગઈ. પરંતુ હવે 'ચંદુ ચેમ્પિયન'ને એવી પ્રશંસા મળી છે કે કાર્તિકને લાગ્યું હશે કે આ ફિલ્મ બ્લોકબસ્ટર બની જશે. તાજેતરમાં પૂરા થયેલા પેરિસ ઓલિમ્પિકમાં ડબલ મેડલ જીતીને ઈતિહાસ રચનાર ભારતીય શૂટર મનુ ભાકેર 'ચંદુ ચેમ્પિયન' જોવા મળ્યો છે. ફિલ્મ જોયા બાદ તેણે કાર્તિકના વખાણ કરતી એક પોસ્ટ પણ લખી હતી.



મનુના વખાણથી કાર્તિક પણ ઘણો ખુશ દેખાતો હતો.તાજેતરમાં જ ઓલિમ્પિકમાંથી પરતફરેલીમનુએતેનીઈન્સ્ટાગ્રામસ્ટોરીપર 'ચંદુ ચેમ્પિયન' જોતી વખતે એક ફોટો શેર કર્યો હતો. ફિલ્મ અને કાર્તિકના વખાણ કરતા તેણે લખ્યું, 'આખરે ઓલિમ્પિક સમાપ્ત થઈ ગયું અને ઘરે પહોંચતાની સાથે જ મેં ચંદુ ચેમ્પિયન જોયો અને આ ફિલ્મ મેં વિચારી હતી તેના કરતાં વધુ રિલેટેબલ બની. તૈયારીઓ, સંઘર્ષો, નિષ્ફળતાઓપ પરંતુ ક્યારેય હાર માનશો નહીં. કાર્તિક આર્યનને આ ભૂમિકા આટલી સહજતાથી નિભાવવા બદલ અભિનંદન. પોતે રમતવીર હોવાને કારણે, હું જાણું છું કે તે સરળ નથી.

ખાસ કરીને તૈયારીનો ક્રમ. આ માટે તમારે મેડલ મળવો જોઈએ!!'કાર્તિકે પણ મનુ ભાકરના વખાણ પર પ્રતિક્રિયા આપી હતી. મનુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા, તેણે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેની પ્રશંસા પણ શેર કરી. કાર્તિકે લખ્યું, 'વાહ!!! આભાર મનુ ભાકર. જ્યારે તમારા જેવા વાસ્તવિક ચેમ્પિયન અમારી મહેનતના ફળની પ્રશંસા કરશે ત્યારે હું હંમેશા આવી ક્ષણોની પ્રશંસા કરીશ! દરેક ભારતીયને ગર્વની અનુભૂતિ કરાવવા માટે ચંદુ ચેમ્પિયન તરફથી તમને પ્રેમ અને કૃતજ્ઞતા. મનુએ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં મહિલાઓની ૧૦ મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ ઈવેન્ટમાં મેડલ જીતનારી તે પ્રથમ ભારતીય મહિલા છે.

## સલીમ-જાવેદનાં 'એંગ્રી યંગ મૅન'નું ટ્રેલર લોન્ચ

મુંબઈ, તા.૧૬

સલીમ જાવેદના જીવન પર આધારીત ડોક્યુમેન્ટરી સિરીઝ 'એંગ્રી યંગ મૅન'નું ટ્રેલર મંગળવારે લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સલીમ ખાન અને જાવેદ અખ્તર તેમના પરિવારો સાથે હાજર રહ્યા હતા. આ સિરીઝ લોંચ થઈ રહી છે, ત્યારે સલીમ જાવેદની સુપર હિટ જોડી ફરી એક વખત કોઈ ફિલ્મ માટે પણ સાથે આવે તેવી અપેક્ષા તેમના ફૅન્સ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. સલીમ ખાને એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે, તેઓ જાવેદ અખ્તર સાથે મળીને ફિલ્મ બનાવશે. ટ્રેલર લોંચ પ્રસંગે સલમાન ખાન, ફરહાન અખ્તર, રિતેશ સિદ્ધવાણી, અરબાઝ ખાન, સોહેલ ખાન, અર્પિતા ખાન, તેનાં બાળકો આહિલ અને આયાત, અલવીરા ખાન અને તેનો પતિ અતુલ અગ્નિહોત્રિ, તેમની દિક-રી અલીઝે અગ્નિહોત્રી, અરબાઝ ખાનનો દિકરો અરહાન ખાન, ઝોયા અખ્તર, રીમા કાગ્તી તેમજ સોહેલ ખાનનો દિકરો નિર્વાણ ખાન હાજર રહ્યાં હતાં.




બોલિવૂડ ફિલ્મ અભિનેત્રી મેઘા શુક્લાએ તા-જેતરમાં જ પોતાની બોલ્ડ તસવીરોથી ઈન્સ્ટાગ્રામની દુનિયામાં હલચલ મચાવી દીધી છે.બોલિવૂડ ફિલ્મ અભિનેત્રી મેઘા શુક્લા તેની બોલ્ડનેસ માટે જાણીતી છે.અભિનેત્રી મેઘા શુક્લા અવારનવાર પોતાની બોલ્ડ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે.અભિનેત્રીની આ બોલ્ડ તસવીરો તેના ફેન્સને દિવાના બનાવે છે.



જાસ્મિન વિશે વાત કરીએ તો અભિનેત્રી નતાશા સ્ટેનકોવિકને બોલ્ડનેસમાં ટક્કર આપે છે.આ તસવીરમાં જાસ્મિન વાલિયા સફેદ રંગની બિકીની પહેરીને પોઝ આપતી જોવા મળી રહી છે.આ તસવીરમાં જાસ્મીન વાલિયા પોતાની કિલર સ્ટાઈલથી ચાહકોના હોશ ઉડાવી રહી છે.

## મહેશ ભટ્ટ અને વિક્રમ ભટ્ટે એક સાથે ૪ ફિલ્મ લોન્ચ કરી



મુંબઈ, તા.૧૬

૨૦૦૦ના સમયગાળાના સફળ ડિરેક્ટર્સ મહેશ ભટ્ટ અને વિક્રમ ભટ્ટ ફરી એક સાથે ચાર ફિલ્મો લઈને આવી રહ્યા છે. સોમવારે યોજાયેલી એક ઈવેન્ટમાં વિક્રમ ભટ્ટે તેનું ડૉ. અજય મરડિયાના ઈન્દિરા એન્ટરટેઈન્મેન્ટ અને મહેશ ભટ્ટ સાથે મળીને એક સાથે ચાર ફિલ્મોની જાહેરાત કરી છે. તેમાંથી અમુક કામ માટે મહેશ ભટ્ટ મેન્ટરિંગ પણ કરશે તેમજ ઈન્દિરાની કેટલીક ફિલ્મો લખશે પણ ખરા. આ ઈવેન્ટમાં અનુપમ ખેર, એશા દેઓલ, ઈશ્વાક સિંઘ સહીતના ફિલ્મોના કલાકારો પણ હાજર રહ્યાં હતાં.

આ ઈવેન્ટમાં વિક્રમ ભટ્ટે જે પહેલી ફિલ્મ લોન્ચ કરી હતી તે છે, 'રણ'. આ એક ઐતિહાસિક ફિલ્મ છે, જેમાં ૧૬૬૯માં મેવાડના મહારાણા રાજ સિંઘની કથા છે, જેમણે મુઘલ બાદશાહ ઔરંગઝેબ અને તેમની જઝિયા વેરાની નીતિનો વિરોધ કર્યો હતો. વિક્રમ ભટ્ટ આ ફિલ્મ ડિરેક્ટ કરશે.આ ઈવેન્ટમાં જે બીજી ફિલ્મ લોન્ચ થઈ, તે હતી 'વિરાટ'. આ ફિલ્મમાં ૧૯૧૧માં અંગ્રેજોએ જ્યારે રેલવે લાઇન બનાવવા માટે મા શેરાવાલીના મંદિરનો નાશ કર્યો ત્યારે એક વાઘે કઈ રીતે આ જમીન અને મંદિરની રક્ષા કરી હતી, તેની વાત છે. જેમાં એક વાઘને અંગ્રેજોના ઝંડા સાથે દર્શાવાયો હતો, અને નીચે લખ્યું હતું 'રાજની વિરુદ્ધ બળવો'. 'તું મેરી પૂરી કહાની' ત્રીજી ફિલ્મ છે, જેને વિક્રમ ભટ્ટ ડિરેક્ટ નહીં કરે. આ ફિલ્મની સ્ટોરી મહેશ ભટ્ટે લખી છે અને તેમાં અનુ મલિકે સંગીત આપ્યું છે. અંતે 'તુમકો મેરી કસમ' લોન્ચ કરવામાં આવી, જે વિક્રમ ભટ્ટે ડિરેક્ટ કરી છે અને તેમાં અનુપમ ખેર મુખ્ય ભુમિકામાં જોવા મળશે. તેમની સાથે એશા દેઓલ, અદા શર્મા અને ઈશ્વાક સિંઘ પણ છે. આ ફિલ્મ ઈન્દિરા એન્ટરટેઈન્મેન્ટના ડૉ. અજય મરડિયાના જીવન પર આધારિત છે. આ ફિલ્મ લોન્ચ થઈ ત્યારે ફિલ્મના બધાં જ કલાકારો, મહેશ ભટ્ટ, વક્રમ ભટ્ટ અને અજય મરડિયા મંચ પર હાજર રહ્યાં હતાં.


## કબીર સાથે અફેરની અફવાઓથી અકળાઈ અભિનેત્રી ક્રિતિ સેનન

મુંબઈ, તા.૧૬


ક્રિતિ સેનનનું આ વર્ષ બીજાઓની સરખામણીએ સફળ રહ્યું છે, આ વર્ષમાં તેની બે ફિલ્મો આવી 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા' અને 'ક્રૂ'. ત્યારે ક્રિતિએ છેલ્લાં થોડાં વખતથી ચાલી રહેલી તેના વિશેની ધારણાઓ અને ચર્ચાઓ અંગે પોતાની અકળામણ વ્યક્ત કરી હતી. તેના કારણે તેના પરિવારને પણ સહન કરવું પડે છે, તેનો ઉલ્લેખ કરતાં ક્રિતિએ આ બાબતને અત્યંત અકળાવનારી ગણાવી હતી. છેલ્લાં કેટલાંક વખતથી ક્રિતિ કરોડપતિ બિઝનેસમેન કબીર બહિયા સાથેના સંબંધના કારણે ચર્ચામાં છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં ક્રિતિને પૂછાયું હતું કે તેના વિશે લખાતી ગોસિપ સાથે કઈ રીતે કામ લે છે, તેના જવાબમાં ક્રિતિએ કહ્યું, "જ્યારે મારા વિશે ખોટી અને નકારાત્મક માહિતી છપાય છે, ત્યારે એ માત્ર મારા માટે નહીં પણ મારા પરિવારને પણ અસર કરે છે." ક્રિતિ માને છે કે જે જૂઠું છે, તેના કારણે તેના પરિવારને શા માટે ભોગવવું પડે? આગળ ક્રિતિએ કહ્યું, "ખાસ કરીને હું લગ્ન કરવાની છું એવી બધી અફવાઓ ફરતી થાય ત્યારે ઘણો ગુસ્સો આવે છે, પછી એ સાચું માનીને મારા મિત્રો મને મેસેજ કરે છે અને મારે સ્પષ્ટતા કરવી પડે છે કે આ સાચું નથી." જ્યારે લોકો કોઈ તથ્યોની તપાસ કર્યા વિના જ સોશિયલ મીડિયા પર ખોટી સ્ટોરી શેર કરવા માંડે ત્યારે તે કેટલી નિ:રાશ થાય છે, તે અંગે ક્રિતિએ કહ્યું કે નકારાત્મકતા બહુ જલ્દી ફેલાય છે, "આ પ્રકારની નકારાત્મકતાને સતત સુધાર્યા કરવી અને ખુલાસા કર્યા કરવા એ સૌથી વધુ અકળાવનારી અને બીજી બધી જ બાબતો કરતાં સૌથી વધુ અકળાવનારી વાત છે." ક્રિતિએ ૨૭ જુલાઈએ ગ્રીસમાં પોતાનો જન્મ દિવસ મનાવ્યો હતો. તેની સાથે તેની બહેન નુપુર સેનન, મ્યુઝિશિયન સ્ટેબિન બેન અને અન્ય મિત્રો પણ હતાં. તેના આ વેકેશનના વીડિયો અને



તસવીરો સતત સોશિયલ મીડિયો પર ફરતાં રહ્યાં હતાં. જેમાં કબીર બહીઆની હાજરીએ દરેકનું ધ્યાન ખેંચ્યું હતું. આ ઈન્ટરવ્યુ દરમિયાન ક્રિતિને પોતાના માટેના આદર્શ જીવનસાથી અંગે પૂછવામાં આવ્યું હતું. જેના જવાબમાં તેણે કહ્યું હતું, "તમને એવા પાર્નરની અપેક્ષા હોય જે તમે ઘેર જાઓ તો તમારા માટે હાજર હોય, જેની સાથે તમે જીવનની ખુશ અને દુ:ખી પળો વહેંચી શકો." ક્રિતિએ કહ્યું હતું કે તમે જ્યારે તમારી સિદ્ધિઓ કોઈ સાથે વહેંચી ન શકો તો તેનો કોઈ અર્થ રહેતો નથી. તેણે એ વાત પણ કરી હતી કે કઈ રીતે એક ફિલ્મના સેટ પર લોકો વચ્ચે સંબંધો બને છે અને જેવી બીજી ફિલ્મ શરૂ થાય એવા એ સંબંધો પૂરા થઈ જાય છે. ક્રિતિએ કહ્યું, "પછી તમે તેમની ફિલ્મમાં જાઓ અને તમારો નવો પરિવાર બની જાય, બધું જ ટૂંકા સમય માટેનું હોય છે, તેથી તમારા જીવનમાં કોઈ એવું ફરજિયાત હોવું જોઈએ જે સતત તમારી સાથે રહે."



હાલમાં જાહ્નવીનો આ આકર્ષક અવતાર ચર્ચાનો વિષય બન્યો છે. ફેન્સને અભિનેત્રીનો દેશી અવતાર ખુબ પસંદ આવી રહ્યો છે.જાહ્નવી કપૂરે બહુ ઓછા સમયમાં બોલિવૂડમાં પોતાની એક ખાસ ઓળખ બનાવી છે.



હાલમાં કેટલીક તસવીરો સામે આવી છે. આ તસવીરોમાં પ્રજ્ઞા એકદમ બોલ્ડ દેખાઈ રહી છેપ્રજ્ઞા જયસ્વાલ ભારતીય સિનેમાનું જાણીતું નામ છે અને તે મુખ્યત્વે તેલુગુ ફિલ્મોમાં કામ કરે છે.

# SPORTS કોર્નર

## ઈશાન કિશને શાનદાર કમબેક કરીને તબાહી મચાવી, ઝારખંડ ટીમ માટે શાનદાર સદી ફટકારી

ઈશાન કિશને ધમાકેદાર કમબેક કર્યું છે. તે બુચી બાબુ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઝારખંડ તરફથી રમી રહ્યો છે. ઈશાને મધ્યપ્રદેશ વિરૂદ્ધ કેપ્ટનશીપની ઈનિંગ રમી હતી. તેણે ૧૦૭ બોલનો સામનો કરીને ૧૧૪ રન બનાવ્યા છે. ઈશાનની આ ઈનિંગમાં ૧૦ સિક્સર પણ સામેલ છે. બેટિંગ કરતી વખતે તે ઘણા પ્રકારના શોટ રમતા જોવા મળ્યો હતો. ફેન્સે ઈશાનને લઈને સોશિયલ મીડિયા પર ઘણી પોસ્ટ પણ શેર કરી છે. તેણે લાંબા સમય બાદ ઘરેલુ ક્રિકેટ રમવાનું શરૂ કર્યું છે. વાસ્તવમાં ઈશાન ઝારખંડનો કેપ્ટન છે. શંકર નગરના ઈન્ડિયા સિમેન્ટ ગ્રાઉન્ડમાં ઝારખંડ અને મધ્યપ્રદેશ વચ્ચે મેચ ચાલી રહી છે. મધ્યપ્રદેશે પ્રથમ દાવમાં ઓલઆ-ઉટ થતાં સુધીમાં ૨૨૫ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ઝારખંડની ટીમ બેટિંગ કરી રહી છે. તેના માટે ઈશાન છઠ્ઠા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. તેણે ૧૦૭ બોલનો સામનો કરીને ૧૧૪ રન બનાવ્યા હતા. ઈશાનની આ ઈનિંગમાં ૫ ફોર અને ૧૦ સિક્સ સામેલ



હતી. ઈશાનનો સ્ટ્રાઈક રેટ ૧૦૬.૫૪ હતો.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા ઈશાન કિશનને કેન્દ્રીય કરાર માંથી હટાવી દેવામાં આવ્યો હતો. તે ડોમેસ્ટિક ક્રિકેટ ન રમી રહ્યો હોવાના કારણે બોર્ડમાં ભારે નારાજગી જોવા મળી હતી. તેની સાથે અન્ય ઘણા ખેલાડીઓ ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે ઘરેલુ ક્રિકેટમાં રમી રહ્યા ન હતા. આ અંગે બોર્ડે કડક વલણ અપનાવ્યું હતું. હવે ભારતીય ટીમના મોટા ભાગના ખેલાડીઓ ડોમેસ્ટિક ક્રિકેટમાં રમી રહ્યા છે. હાલમાં જ દીલીપ ટ્રોફી ૨૦૨૪ માટે ટીમની જાહેરાત કરવામાં આવી છે. તેમાં શુભમન ગિલ, સૂર્યકુમાર યાદવ, રવિન્દ્ર જાડેજા અને શિવમ દુબે સહિત ઘણા ખેલાડીઓ ભાગ લેશે.

જો ઈશાનની આંતરરાષ્ટ્રીય કારકિર્દી પર નજર કરીએ તો તે ભારત માટે ૩૨ ટી૨૦ મેચ રમ્યો છે. આ દરમિયાન તેણે ૭૯૬ રન બનાવ્યા છે. ઈશાને ૨૭ વનડે મેચમાં ૯૩૩ રન બનાવ્યા છે. તેણે આ ફોર્મેટમાં બેવડી સદી પણ ફટકારી છે. ઈશાન ૨ ટેસ્ટ મેચ પણ રમી ચુક્યો છે.પરંતુ ઈશાન અત્યારે ટીમ ઈન્ડિયામાંથી બહાર છે તેનું કારણ તેનું ઘરેલુ ક્રિકેટના રમવું છે હવે ફરી વાર ઝારખંડ ટીમના કેપ્ટન તરીકે ઈશાને જોરદાર કમબેક કર્યું છે.

## વડાપ્રધાન મોદીએ ઓલિમ્પિક મેડલિસ્ટ્સ સાથે કરી મુલાકાત

નવીદિલ્હી,તા.૧૬

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતના ૧૧૭ રમતવીરે ભાગ લીધો હતો. જેમાં ભારતે પાંચ બ્રોન્ઝ અને એક સિલ્વર એમ કુલ છ મેડલ જીત્યા છે. સ્વદેશ પરત ફરતાં ભારતીય ખેલાડીઓનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તમામ ખેલાડીઓએ ૧૫ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સત્તાવાર નિવાસ સ્થાને જઈને તેમની મુલાકાત લીધી હતી.

જેમાં શૂટર મનુ ભાકરે વડા પ્રધાનને પિસ્તોલ ગિફ્ટ કરી છે. રેસલર અમન સેહરાવત અને હોકીના યોદ્ધા પીઆર શ્રીજેશે જર્સી આપી હતી. જેના પર ભારતીય ખેલાડીઓએ હસ્તાક્ષર કર્યા હતા. ભારતીય હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહે ટીમ તરફથી હોકી સ્ટિક ગિફ્ટ કરી છે. વડાપ્રધાને આ દરમિયાન ખેલાડીઓને સંબોધિત કરતાં તેમની સાથે વાત કરી હતી. જો કે, હજી તેનો વીડિયો જાહેર થયો નથી. અમુક ભારતીય ખેલાડી હજી સ્વદેશ પરત ફર્યા નથી. જેવલિન થ્રોઅર નીરજ ચોપરા જર્મનીમાં છે, જ્યાં તેની સર્જરી થવાની છે. જ્યારે રેસલર વિનેશ ફોગાટ ૧૭ ઓગસ્ટ સુધી ભારત આવશે.

ભારતે પેરિસ ઓલિમ્પિકમાં કુલ છ મેડલ જીત્યા છે. જેમાં પ્રથમ મેડલ શૂટિંગમાં મનુ ભાકરે વિમન્સ ૧૦ મીટર એર પિસ્તોલમાં બ્રોન્ઝ જીત્યો હતો. બાદમાં બીજો બ્રોન્ઝ પણ મનુ ભાકરે મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં અપાવ્યો હતો. સરબજોત સિંહ તેની સાથે ટીમમાં હતા. ત્રીજો બ્રોન્ઝ મેડલ સ્વપ્નિલ કુશાલે શૂટિંગ ની મેન્સ ૫૦ મીટર રાઈફલ થ્રો પોઝિશનમાં અપાવ્યો હતો. પુરૂષ હોકી ટીમે બ્રોન્ઝ અને જેવલિન થ્રોમાં નીરજ ચોપરાએ સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. રેસલર અમન સેહરાવતે મેન્સમાં ૫૭ કિગ્રા ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ જીત્યો હતો.

ભારતે ટોક્યો ઓલિમ્પિક (૨૦૨૦)માં એક ગોલ્ડ સાથે ૭ મેડલ જીત્યા હતા, જે ભારતનું ઓલિમ્પિક ઈતિહાસમાં અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ દેખાવ હતો. અપેક્ષા છે કે, આગામી ઓલિમ્પિકમાં ભારતનો મેડલ ટેલી ડબલ ડિજિટ-માં વધશે.

## BCCIએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની પ્રપોઝલ ફગાવી ભારતમાં નહીં આયોજિત થાય ICCની આ મોટી ટૂર્નામેન્ટ

આ વખતે ICC મહિલા T20 વર્લ્ડકપ ૨૦૨૪નું આયોજન બાંગ્લા દેશમાં થવાનું છે. આ ટૂર્નામેન્ટ ઓક્ટોબરમાં રમાવાની છે, પરંતુ બાંગ્લાદેશની હાલની સ્થિતિ સારી નથી. બાંગ્લાદેશમાં અરાજકતાને કારણે ઘણું નુકસાન થયું હતું. આઈસીસીનું આ બાબત પર સંપૂર્ણ ધ્યાન છે. આ દરમિયાન એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. એક રિપોર્ટ અનુસાર, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ નથી ઈચ્છતું કે આવું તેમના દેશમાં થાય. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને આ માટે ઓફર મળી હતી. પરંતુ બીસીસીઆઈએ આ વાતને ફગાવી દીધી હતી.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક સમાચાર અનુસાર, BCCI સેક્રેટરી જય શાહે કહ્યું, "તેમણે BCCIને ટૂર્નામેન્ટની યજમાની કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો." પણ અમે સ્પષ્ટ ના પાડી દીધી.



અમારે આગામી વનડે વર્લ્ડકપનું પણ આયોજન કરવું છે. અમે એવી ઈમેજ બનાવવા માંગતા નથી કે અમે સતત વર્લ્ડકપનું આયોજન કરવા માગીએ છીએ. એક રિપોર્ટ અનુસાર, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ નથી ઈચ્છતું કે આવું તેમના દેશમાં થાય. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને આ માટે ઓફર મળી હતી. પરંતુ બીસીસીઆઈએ આ વાતને ફગાવી દીધી હતી.

ICC મહિલા T20 વર્લ્ડકપ ૨૦૨૪ની પ્રથમ મેચ ૩ ઓક્ટોબરના રોજ ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાવાની છે. આ મેચ ઢાકામાં આયોજિત થવાની છે. આમાં ભારતની પ્રથમ મેચ ન્યૂઝીલેન્ડ સામે છે. આ મેચ ૪ ઓક્ટોબરે રમાવાની છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૬ ઓક્ટોબરે મેચ રમાવાની છે. આ પછી ટીમ ઈન્ડિયાએ શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા સામે મેચ રમવાની છે. ટૂર્નામેન્ટની પ્રથમ સેમિફાઈનલ ૧૭ ઓક્ટોબરે અને બીજી સેમિફાઈનલ ૧૮ ઓક્ટોબરે રમાશે. મહિલા T20 વર્લ્ડકપની ફાઈનલ ૨૦ ઓક્ટોબરે ઢાકામાં રમાવાની છે.

# રાષ્ટ્રપતિ-પીએમ મોદીએ અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૧૬

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિના અવસરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા અટલમાં તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટર અને લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી. અટલ બિહારી વાજપેયીની દત્તક પુત્રી નમિતા કૌલ ભટ્ટાચાર્યએ પણ હંમેશા અટલમાં પૂર્વ પીએમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. એનડીએના અન્ય નેતાઓએ પણ હંમેશા પૂર્વ પીએમને અટલમાં શ્રદ્ધાંજલિ આપી હતી.

કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પૂર્વ પીએમને યાદ કર્યા. તેમણે લખ્યું, "પૂર્વ વડાપ્રધાન આદરણીય અટલજી ની પુણ્યતિથિ પર હું તેમને હૃદય પૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું."અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ પર



ગૃહમંત્રી અમિત શાહે પણ તેમને યાદ કર્યા. તેમણે કહ્યું, "જ્યારે પણ દેશમાં રાજનૈતિક શુદ્ધતા, રાષ્ટ્રીય હિત પ્રત્યેની વફાદારી અને સિદ્ધાંતો પ્રત્યે અડગતાની વાત થશે, ત્યારે અટલજીને ચોક્કસપણે યાદ કરવામાં આવશે. એક તરફ, ભાજપની સ્થાપના દ્વારા, તેમણે રાષ્ટ્રીય હિતની વિચારધારાને લોકપ્રિય બનાવી, બીજી તરફ. બીજી તરફ, વડા પ્રધાન તેમણે દેશને વ્યૂહાત્મક અને આર્થિક રીતે મજબૂત કર્યો, હું ભારત રત્ન શ્રી અટલજીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું, "હું ભારત રત્ન અટલ બિહારી વાજપેયીજીને તેમની પુણ્ય તિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આપણા દેશની સુરક્ષા અને આર્થિક આધુનિકીકરણમાં તેમના આજીવન યોગદાનને હંમેશા યાદ કરવામાં આવશે." સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાએ પણ પોસ્ટ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, "ભારતીય રાજનીતિના દુશ્મન અને ઘણા બીજેપી કાર્યકર્તાઓ માટે પ્રેરણાના સ્ત્રોત એવા 'ભારત રત્ન' આદરણીય અટલ બિહારી વાજપેયીજી ની પુણ્યતિથિ પર હું તેમને શ્રદ્ધાંજલિ આપું છું. અટલજીએ સિદ્ધાંતો ને મજબૂત કર્યા છે. ભારતીય રાજનીતિમાં સેવા અને સુશાસનની શિલાન્યાસ સાથે, પોખરણ પરમાણુ પરીક્ષણે સમગ્ર વિશ્વને ભારતની અપાર ક્ષમતા, ગરીબોના કલ્યાણ માટેના તેમના સતત પ્રયાસો અને અનન્ય સંગઠનાત્મકતા દર્શાવી હતી. કુશળતા હંમેશા અમારી પ્રેરણા છે. કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પણ શ્રદ્ધાંજલિ અર્પી અને કહ્યું, "હું નવા ભારતના નિર્માતા, સુશાસનના આદર્શ ઉદાહરણ, આપણા બધાના પ્રિય, પૂર્વ વડાપ્રધાન, આદરણીય અટલ બિહારી વાજપેયીજીને તેમના નિધન પર નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. તેમના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ, તેમણે અમને વિકાસની અભૂતપૂર્વ ઉંચાઈઓ પર લઈ ગયા હતા.

# ઈરાનથી લઈને અમેરિકાએ ભારતને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી

નવીદિલ્હી,તા.૧૬

ભારતે તેના ૭૮મા સ્વતંત્રતા દિવસ ઉજવી કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે સતત ૧૧મી વખત લાલ કિલ્લાની કિલ્લા પરથી ધ્વજ ફરકાવ્યો. તે જ સમયે, હવે વિશ્વભરના નેતાઓ ભારતને આઝાદીના ૭૮ વર્ષ પર અભિનંદન આપી રહ્યા છે. અમેરિકા, ઈરાન સહિત અનેક દેશોએ ભારતને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી છે. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધો માટે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરી હતી. એમ પણ કહ્યું કે બંને દેશો વચ્ચે ગાઢ સંબંધ છે, જે લોકશાહી, સ્વતંત્રતા અને માનવીય ગૌરવ પ્રત્યેની તેમની સમાન પ્રતિબદ્ધતા પર આધારિત છે.

નોર્વેના રાજદૂત મે-એલિન સ્ટેઈનરે ભારતને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું, 'ભારતના સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ! નોર્વેથી પ્રેમ સાથે! સ્વતંત્રતા દિવસની



શુભેચ્છાઓ!' બ્લિંકને ભારતના લોકોને સ્વતંત્રતા દિવસ પહેલા શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે આ મહત્વ પૂર્ણ દિવસે અમે ભારતીય લોકોના સમૃદ્ધ અને વૈવિધ્યસભર ઈતિહાસ અને યુએસ-ભારત સંબંધોના ઉજ્જવળ ભવિષ્યની ઉજવણી કરી રહ્યા છીએ. તેમણે વધુમાં કહ્યું, 'અમારી વ્યાપક વૈશ્વિક અને વ્યૂહાત્મક ભાગીદારી આપણા લોકો, આપણી અર્થવ્યવસ્થાઓ વચ્ચેના ગાઢ સંબંધો પર આધારિત છે. અને તે લોકશાહી, સ્વતંત્રતા અને માનવીય ગૌરવ પ્રત્યેની આપણી સહિયારી પ્રતિબદ્ધતાના પાયા પર બનેલ છે.

તેમણે જણાવ્યું હતું કે યુએસ-ભારત સહયોગ ઝડપથી વધી રહ્યો છે કારણ કે બંને દેશો મુક્ત, ખુલ્લા, સ્થિર અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિકના અમારા સહિયારા વિઝનને આગળ વધારવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખે છે. સંસાધનથી સમૃદ્ધ પ્રદેશમાં ચીનની વધતી જતી સૈન્ય દૃઢતાની પૃષ્ઠભૂમિમાં યુએસ, ભારત અને અન્ય કેટલીક વિશ્વ શક્તિઓ એક મુક્ત, ખુલ્લા અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને સુનિશ્ચિત કરવાની જરૂરિયાત વિશે વાત કરી રહી છે. ઈન્ડો-પેસિફિક એ જૈવભૌગોલિક ક્ષેત્ર છે જેમાં હિંદ મહાસાગર અને દક્ષિણ ચીન સમુદ્ર સહિત મધ્ય અને પશ્ચિમ પ્રશાંત મહાસાગરનો સમાવેશ થાય છે. ચીન લગભગ તમામ દક્ષિણ ચીન સાગર પર દાવો કરે છે, જોકે તાઈવાન, ફિલિપાઈન્સ, બ્રુનેઈ, મલેશિયા અને વિયેતનામ તેના કેટલાક ભાગોનો દાવો કરે છે.

બ્લંકને કહ્યું કે આબોહવા અને સ્વચ્છ ઉર્જાથી લઈને સંરક્ષણ અને અવકાશ તકનીકો સુધી, યુએસ-ભારત દ્વિપક્ષીય સહયોગ પહેલા કરતા વધુ વ્યાપક અને મજબૂત છે. તેમણે કહ્યું, 'ભારત, અમેરિકા અને વિશ્વભરમાં ઉજવણી કરી રહેલા દરેકને હું સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવું છું.'

ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું, 'ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન મૈત્રીપૂર્ણ રાષ્ટ્ર અને ભારત ગણરાજ્ય સરકારને તેમના સ્વતંત્રતા દિવસ પર હાર્દિક શુભેચ્છાઓ આપે છે. સર્વાંગી સંબંધોને મજબૂત બનાવવું એ બંને દેશોના પરસ્પર એજન્ડા પર છે.

## ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી, અનેક જિલ્લાઓમાં વરસાદી ઝાપટાં

ગાંધીનગર,તા.૧૬

રાજ્યનાં હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાત નાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠામાં છૂટા છવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતનાં ગાંધીનગર, અરવલ્લી, ખેડા, આણંદમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. તો અમદાવાદ, પંચમહાલ, દાહોદ, ડાંગમાં પણ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. મધ્ય ગુજરાતનાં મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર તેમજ નર્મદામાં હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે બે દિવસથી મધ્ય ગુજરાત માં છૂટા છવાયા વરસાદી ઝાપટા પણ પડ્યા હતા. દક્ષિણ ગુજરાત ની વાત કરીએ તો અનેક તાલુકા માં વરસાદની આગાહી કરવામાં આવી છે.જેમાં ભરૂચ, નવસારી, સુરત, વલસાડ, તાપીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં પણ અનેક તાલુકાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રનાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દ્વારકા, ભાવનગર, મોરબી, ગીર સોમનાથ તેમજ કચ્છમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.

## આયુષ્યમાન ભારત યોજના : ગુજરાતના ૨ કરોડ પરિવારને ૧૦ લાખનું આરોગ્ય કવચ : મુખ્યમંત્રી

નડિયાદ,તા.૧૬

ગુજરાતમાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણી ખેડાના નડિયાદ ખાતે કરવામાં આવી છે. ભૂપેન્દ્ર પટેલે સ્વતંત્રતા દિવસની ઉજવણીના કાર્યક્રમાં સંબોધન કરતા જણાવ્યુ કે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના નાગરિકો માટે આશીર્વાદરૂપ બની છે. ગુજરાતમાં બે કરોડથી વધુ ગરીબોને આયુષ્ય દ્વારા વિનામૂલ્યે આરોગ્ય સેવા મળે છે. તેમાં પણ બમણો વધારો કર્યો છે.

દેશભરમાં ૭૮માં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાતમાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા દિવસની ઉજવણી ખેડાના નડિયાદ ખાતે કરવામાં આવી છે. ભૂપેન્દ્ર પટેલે સ્વતંત્રતા દિવસની ઉજવણીના કાર્યક્રમાં સંબોધન કરતા જણાવ્યુ કે પર્યાવરણની જાળવણી અને ધરતીનું ગ્રીન કવર વધારવા એક પેડ મા કે નામ અભિયાનમાં ગુજરાત સવા સાત કરોડ વૃક્ષ વાવીને દેશમાં બીજા ક્રમે રહ્યું છે.

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીને મોટાપાયે પ્રોત્સાહનો મળે તે માટે વડાપ્રધાનનો મંત્ર સાકાર કર્યો છે. જેના પગલે ૪૨ લાખ ખેડૂતોને તાલીમ લીધી છે. તેમાંથી નવ લાખ ખેડૂતો પોતાની જમીન પર સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. સિંચાઈ ક્ષેત્રે વ્યવસ્થાપન ઉત્તમ પોષણ પૂરું પાડીને ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યું છે. લગભગ ૧૫ લાખ ખેડૂતોએ માઈક્રો ઈરીગેશન પદ્ધતિ અપનાવીને ૨૩.૪ લાખ હેક્ટર વિસ્તારને તેમાં આવરી લીધી છે. પીવાના અને સિંચાઈના પાણી માટે સુજલામ સુફલામ યોજના દિશાદર્શક બની છે. આ વર્ષે સુજલામ સુફલામ જળ અભિયાનના સાતમા તબક્કામાં આપણી જળસંગ્રહ શક્તિ ની ક્ષમતામાં લાખો ઘનફૂટ વધારો થયો છે.

હાલ ઉપરવાસમાં ભારે વરસાદના કારણે નર્મદા ડેમમાં જે વધારાનું પાણી આવ્યું છે. તેમાંથી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના જળાશયો તળાવો ભરી ને આપણે યોગ્ય જળ વ્યવસ્થાપન કરવાના છે.

## ગાઝા યુદ્ધવિરામ મંત્રણામાં હમાસ ભાગ લેશે નહી, બ્લિંકનની પશ્ચિમ એશિયાની મુલાકાત મુલતવી

ગાઝા,તા.૧૬

હમાસે કહ્યું હતું કે તે કતારમાં નિર્ધારિત ગાઝા યુદ્ધવિરામ વાટાઘાટોના નવા રાઉન્ડમાં ભાગ લેશે નહીં. જો કે, વાટાઘાટોથી પરિચિત એક અધિકારીએ જણાવ્યું હતું કે મધ્યસ્થીઓ પછીથી પેલેસ્ટિનિયન જૂથો સાથે સલાહ લેવાની અપેક્ષા રાખે છે. યુએસએ કહ્યું કે તેને આશા છે કે ગુરુવારે દોહામાં મંત્રણા યોજના મુજબ આગળ વધશે અને યુદ્ધવિરામ કરાર હજુ પણ શક્ય છે. તેમજ ચેતવણી આપી હતી કે વ્યાપક યુદ્ધને રોકવા માટે પ્રગતિની તાતી જરૂર છે. આ દરમિયાન અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને તેમની પશ્ચિમ એશિયાની મુલાકાત મુલતવી રાખી છે. આ યાત્રા મંગળવારથી શરૂ થવાની હતી.

ત્રણ વરિષ્ઠ ઈરાની અધિકારીઓએ કહ્યું કે ગાઝામાં માત્ર યુદ્ધવિરામ કરાર ઈરાનને ઈઝરાયેલ સામે સીધો જવાબી કાર્યવાહી કરતા અટકાવશે. સરકારના પ્રવક્તા ડેવિડ મેન્સરે જણાવ્યું હતું કે ફ્રેમવર્ક કરારના અમલીકરણની વિગતોને આખરી ઓપ આપવા ઈઝરાયેલ વાટા ઘાટ કરનારી ટીમ મોકલશે. આ પ્રતિનિધિમંડળમાં ઈઝરાયેલના ગુપ્તચર વડા ડેવિડ બાર્નિયા, હોમલેન્ડ સિક્યુરિટી સર્વિસના વડા રોનેન બાર વગેરેનો સમાવેશ થાય છે.

હમાસે વાટાઘાટોનું કોઈ વાસ્તવિક પરિણામ આવવાની સંભાવના પર શંકા વ્યક્ત કરી છે અને તેમને અવરોધવા માટે ઈઝરાયેલને દોષી ઠેરવ્યો છે. તે જ સમયે, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂનું કહેવું છે કે હમાસના નેતા યાહ્યા સિનવાર કોઈપણ કરાર પર મહોર મારવામાં મુખ્ય અવરોધ રહ્યા છે. જો કે, વાટાઘાટોમાંથી હમાસની ગેર હાજરી પ્રગતિની સંભાવનાઓને દૂર કરતી નથી, કારણ કે તેના મુખ્ય વાટા ઘાટકાર ખલીલ અલ-હૈયા દોહામાં છે અને જૂથ ઈજિપ્ત અને કતાર સાથે ખુલ્લી ચેનલો ધરાવે છે.સ્ટેટ ડિપાર્ટમેન્ટે મંગળવારે જાહેરાત કરી હતી કે યુનાઈટેડ સ્ટેટ્સે ઈઝરાયેલને ઈ૨૦ બિલિયનના મૂલ્યના શસ્ત્રોના વેચાણને મંજૂરી આપી છે, જેમાં ઘણા ફાઈટર પ્લેન અને એર-ટુ-એર મિસાઈલોનો સમાવેશ થાય છે.

## તાલિબાને પ્રતિબંધ લાદ્યો, અફઘાનિસ્તાનમાં ૮૦ ટકા છોકરીઓ શાળાએ જઈ શકતી નથી: યુનેસ્કો

કાબુલ,તા.૧૬

તાલિબાને અફઘાનિસ્તાનમાં ૧.૪ મિલિયન છોકરીઓને જાણીજોઈને પ્રતિબંધો દ્વારા શાળાએ જવાથી વંચિત કરી દીધી છે. સંયુક્ત રાષ્ટ્રની એક એજન્સીએ ગુરુવારે આ માહિતી આપી. અફઘાનિસ્તાન વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં મહિલાઓને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવવા પર પ્રતિબંધ છે. તાલિબાન, જે ૨૦૨૧ માં સત્તા લેશે, તેણે છોકરીઓને છઠ્ઠા ધોરણથી આગળ અભ્યાસ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે કારણ કે તે કહે છે કે તે શરિયા અથવા ઈસ્લામિક કાયદાના તેના અર્થઘટનને અનુરૂપ નથી. યુનેસ્કોએ જણાવ્યું હતું કે તાલિબાને સત્તામાં આવ્યા બાદથી જાણીજોઈને ઓછામાં ઓછી ૧.૪ મિલિયન છોકરીઓને માધ્યમિક શિક્ષણથી વંચિત રાખ્યા છે.

યુનેસ્કોના જણાવ્યા અનુસાર, એપ્રિલ ૨૦૨૩માં છેલ્લી ગણતરીથી આમાં ૩,૦૦,૦૦૦નો વધારો થયો છે. યુનેસ્કોએ કહ્યું, "જો આપણે



એવી છોકરીઓને ઉમેરીએ જે પ્રતિબંધ લાગુ થયા પહેલા શાળાએ જતી ન હતી, તો દેશમાં લગભગ ૨.૫ મિલિયન છોકરીઓ હવે તેમના શિક્ષણના અધિકારથી વંચિત છે. "તે મુજબ, અફઘાનિસ્તાનમાં ૮૦ ટકા છોકરીઓ શિક્ષણથી દૂર છે." આ અંગે તાલિબાન તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. અફઘાનિસ્તાનની અર્થવ્યવસ્થાને એક નોંધપાત્ર ફટકો એ છે કે તાલિબાન દ્વારા સ્ત્રી શિક્ષણ અને મોટાભાગની રોજગાર પરનો પ્રતિબંધ, અફઘાનિસ્તાનની અડધી વસ્તી ખર્ચ અને કર ચૂકવણી માટે સંવેદનશીલ બની જાય છે.

આ દરમિયાન તમને એ પણ જણાવી દઈએ કે અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસનને ત્રણ વર્ષ થઈ ગયા છે. આ ત્રણ વર્ષોમાં, તેણે ઈસ્લામિક કાયદાનું પોતાનું અર્થઘટન લાદ્યું છે અને કાયદેસર સરકાર હોવાના તેના દાવાને મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે. દેશના સત્તાવાર શાસક તરીકે કોઈ રાષ્ટ્રીય માન્યતા ન હોવા છતાં, તાલિબાને ચીન અને રશિયા જેવી મુખ્ય પ્રાદેશિક શક્તિઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી છે. તેણીએ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રસ્તાવિત વાટા ઘાટોમાં પણ ભાગ લીધો છે જેમાં અફઘાન મહિલાઓ અને નાગરિક સમાજ સાથે સંકળાયેલા લોકોને ભાગ લેવાની તક આપવામાં આવી ન હતી.

## સુરતમાંથી નકલી આઈપીએસ ઝડપાયો, મહારાષ્ટ્રના બિલ્ડર સાથે કર્યો ખેલ

સુરત,તા.૧૬

રાજ્યમાં વધુ એક નકલી આઈપીએસ અધિકારી પોલીસનાં હાથે ઝડપાઈ જવા પામ્યો છે. સુરત જીલ્લામાંથી નકલી આઈપીએસ અધિકારી ઝડપાતા ચકચાર મચી જવા પામી હતી. નકલી આઈપીએસ દ્વારા ગુજરાત ટુરિઝમની તોરણ હોટેલમાં ભાગીદાર બનાવવાનું કહી બિલ્ડર અને રેસ્ટોરન્ટ માલિકને ઠગી ૩૧ લાખ પડાવ્યા હતા. કામરેજ પોલીસે છેંતરપિંડી કરનાર પ્રદીપ પટેલે ઝડપી લીધો હતો. કોર્ટે આરોપીનાં પાંચ દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યા હતા.

મળતી માહિતી મુજબ સમીર જમાદારને તેના મિત્ર થકી પ્રદીપ પટેલ સાથે ઓળખાણ થઈ હતી. પ્રદીપ પટેલે આઈપીએસ અધિકારી હોવાની ઓળખ આપી હતી. જે બાદ થોડા સમય બાદ પ્રદીપે સમીર જમાદારને કામરેજનાં વલથાન ગામ પાસે તોરણ હોટેલમાં ૩૦ ટકા ભાગીદાર રહેવાનું કહ્યું હતુ. જે બાદ સમીરે ટુકડે ટુકડે ૨૩ લાખ રૂપિયા આપ્યા હતા.

થોડા સમય બાદ સમીર જમાદારએ પ્રદીપને હોટલ એગ્રીમેન્ટ બાબતે કહેતા પ્રદીપે ગમે તે બહાને વાતને ટાળી દેતો હતો. જે બાદ સમીરે પૈસા પરત માંગતા પ્રદીપે ૧૨ લાખ રૂપિયા



પરત કર્યા હતા. અને ૧૨ લાખ પછી આપી દેવાનું કહ્યું હતું. પરંતુ ઘણો સમય થઈ ગયા બાદ પણ પ્રદીપે પૈસા પરત ન આપતા સમીર છેતરાયો હોવાનું માલુમ પડતા સમીરે આ સમગ્ર મામલે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી દ્વારા કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીનાં કલાકો માં જ છેંતરપીંડી કરનાર નકલી આઈપીએસ અધિકારીની ધરપકડ કરી હતી. આરોપીનો મોબાઈલ ફોન ચેક કરતા આઈપીએસ અધિકારીનો ડ્રેસ પહેરેલા ફોટા મળી આવ્યા હતા.

ઝડપાયેલ પ્રદીપ નામના શખ્સે ફરિયાદી સમીરને પોતે આઈપીએસ ઓફિસર હોવાની ઓળખ આપી હતી. નકલી આઈપીએસ બની ફરતા પ્રદીપ પટેલે અન્ય લોકો સાથે પણ ઠગાઈ કરી હોવાની પોલીસને શંકા છે.

## ગુજરાતમાં ફરી 'ડ્રગ્સનો દરિયો', ૩૦ કરોડ રૂપિયાનું ચરસ પોલીસના હાથે લાગ્યું

નવસારી,તા.૧૬


નવસારીના ઈતિહાસમાં પ્રથમ વખત ૩૦ કરોડ જેટલું મોટું ડ્રગ્સનું રેકેટ નવસારી જિલ્લા પોલીસના હાથે લાગ્યું છે. નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના ચાંગલી ફળિયાના દરિયા કિનારે ૫૦ પેકેટ જેનું વજન કિલોગ્રામ અસિસ નામનું નાર્કોટિક ડ્રગ્સ બિનવારસી હાલતમાં મળી આવ્યું છે. અંદાજે ચાર મહિનાથી વધુ સમયથી દરિયામાં પડ્યું હતું અને પાંચ લેયરમાં પેકિંગ કરીને દરિયામાં બીનવારસી હાલતમાં પડ્યું હતું. જે દરિયા કિનારે તણાઈ આવ્યું છે પોલીસને પેટ્રોલિંગ દર-મ્યાન મળી આવતા ટીમો બનાવી તપાસ શરૂ કરી છે. વલસાડ સુરત અને હવે નવસારીમાં મોટા પાયે ડ્રગ્સનો જથ્થો મળી આવતા સ્ટેટની એજન્સીઓ કામે લાગી છે. વલસાડ અને સુરત બાદ નવસારી જિલ્લામાં મળી આવેલું નાર્કોટિક ડ્રગ્સ માં સામ્યતા જોવા મળી રહી છે. ડ્રગ મળવાની ઘટનામાં બિન વાર્ષિક હોવાના કારણે પોલીસ દિશા વિહીન બની છે. અને પેડલરો તથા સ્થાનિક માછીમારો



ના સહયોગથી દરિયાકાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગ વધારીને તપાસ હાથ ધરી છે. છેલ્લા ઘણા સમયથી ગુજરાતના દરિયાકિનારે બિનવારસી હાલતમાં ડ્રગ્સ મળી આવવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ડ્રગ્સ મળવાની ઘટનાને પગલે ગુજરાત હવે સમગ્ર દેશમાં ચર્ચાના ચકડોળે ચડ્યું છે. ગુજરાતના દરિયાકિનારે વારંવાર મળી રહેલા બિનવારસી ડ્રગ્સને પગલે વિવિધ આશંકાઓ પ્રવર્તી રહી છે. વલસાડ અને નવસારીના મળેલા ડ્રગ્સના જથ્થા માં સામ્યતા હોવાનું અને ઈરાન અથવા અફઘાનિસ્તાનથી ડ્રગ્સ આવ્યું હોવાનું પ્રાથમિક તારણ જિલ્લા પોલીસ કરી રહી હાઈલી પ્યોરીફાઈડ ફોર્મમાં મળેલું ડ્રગ્સ હજુ લેબોરેટરીમાં મોકલ્યા બાદ તેની સાંદ્રતા માપવાની પોલીસે કામગીરી શરૂ કરી છે.

દક્ષિણ ગુજરાતમાં મળેલા ડ્રગ્સને પગલે દક્ષિણ ગુજરાતનો દરિયા કિનારો જાણે ડ્રગ્સની હેરફેરનું સ્થળ બની ગયું હોય તેમ એક પછી એક જિલ્લાઓમાં ડ્રગ્સનો જથ્થો મળી રહ્યો છે. બિનવારસી ડ્રગ્સનો જથ્થો આવ્યો ક્યાંથી?? અને જો આવ્યો તો કયા દેશમાંથી અને કોણ લાવ્યું હતું?? ઉર્દુ પેકેટમાં પેક કરેલું અને પાણીમાં ન પલળે તેવું પાંચ લેયર વાળુ પેકિંગ ક્યાં કરવામાં આવ્યું?? સમગ્ર ઘટનાક્રમ પોલીસ તપાસ બાદ જ માલુમ પડશે.

## દનણા વાડીમાં દાટેલો દારૂ શોધી નખત્રાણા પોલીસે આરોપીને ઝડપી પાડ્યો





ભુજ તા.૧૭

નખત્રાણા પોલીસે તાલુકાના દનણા વાડી વિસ્તારમાં દરોડો પાડી ૨૯ હજારનો દારૂ પકડી પાડ્યો છે.

નખત્રાણા પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમના કર્મચારીઓ પો.ઈન્સ.એ.એમ.મકવાણાની સાથે કોટડા ઓ.પી. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, તે દર-મ્યાન બાતમી મળેલ કે, રાસુભા મંગલસિંહ સોઢા (રહે.દનણા તા.નખત્રાણા) એ પોતાના કબ્જાની વાડીમાં દારુની બોટલો જમીનમાં દાટી રાખેલ છે અને તેનું વેચાણ કરે છે, તેવી બાતમી આધારે વર્ક આઉટ કરી તે જગ્યાએ જઈ રેઈડ કરતા જે કુલ્લે બોટલ નંગ-૫૨ જેની કિં.રૂ.૨૦,૮૦૦ તથા બીયર ટીન નંગ-૮૨ કિં.રૂ.૮,૨૦૦,એમ કુલ્લે કિં.રુ. ૨૯,૦૦૦નો મુદ્દામાલ મુદામાલ મળી આવ્યો હતો તે કબ્જે કરી આરોપી રાસુભા મંગલસિંહ સોઢાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

આ ગુનામાં જેનું નામ ખુલ્યું તે આરોપી ભાવસંગજી ભગુભા જાડેજા (રહે.દરશડી તા.માંડવી) હાજર મળી આવેલ ન હતો.

આ કામગીરી પો.ઈન્સ. એ.એમ.મકવાણા, એ.એસ. આઈ.જયંતી માજીરાણા, હેડ. કોન્સ. નિકુંજદાન ગઢવી, કોન્સ. મયંક જોષી,મોહનભા ગઢવી, તથા લાખાભાઈ રબારી દ્વારા કરવામાં આવી હતી.

# સોલ્ટના નામે સોપારી મંગાવી કાવતરુ રચનાર રાજ્ય બહારની ગેંગ ઝડપાઈ

ગાંધીધામ તા.૧૭

કંડલા મરીન પોલીસ મથકે સોપારી કાંડનો ગુનો જાહેર થયેલો જે અનુસંધાને કંડલા મરીન પોલીસ સ્ટેશન પો.ઈન્સ એ.એમ.વાળાના નેતૃત્વ હેઠળ કંડલા મરીન પોલીસ દ્વારા પકડાયેલા આરોપીઓની સંઘન પુછપરછ કરતા આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા માટે પૂર્વ આયોજીત કાવતતરૂ રચી સરકાર સાથે છેતરપીડી કરી MAM TRADING CO મુંબઈના કાળુરામ દ્વારા રોક સોલ્ટ ના બદલે દુબઈ થી ઈમ્પોર્ટેડ સોપારી ની વેચાણના હેતુ ગેરકાયદેસર રીતે આયાત કરી, ટેક્ષના નાણા ભરપાઈ નહી કરી, ઈમ્પોર્ટેડ સોપારી ના બદલે રોક સોલ્ટની વિગત દર્શાવી, ખોટા બીલ તેમજ



ખોટા ઈલેક્ટ્રોનિક્સ રેકર્ડ તેમજ અન્ય સંલગ્ન જરૂરી દસ્તાવેજી પુરાવાઓ ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી આરોપીઓએ પોતાના પ્લાન મુજબ કાવતરુ રચી પાર પાડી ગુનો કરેલ, જે આધારે ગુના સબબ આરોપીઓ સુનીલ મોહન ચૌધરી (રહે.ગામ. ડિલક્ષ મહારાષ્ટ્ર), રાહુલ મંગેશ પાટીલ (રહે.કલ્યાણ ઈસ્ટ મહારાષ્ટ્ર) અને નાગેશ કાશીનાથ સુર્વે (રહે. પાગમાળમ ચિપલુન મહારાષ્ટ્ર), ને પકડી કાયદેસરની કાર્યવાહી આવી હતી. આ કામગીરીમાં પો.ઈન્સથી એ.એમ.વાળા તથા પો.ઈન્સ એસ.એસ.વરુ તથા કંડલા મરીન પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ જોડાયો હતો.

# લોકોને લાલચ આપી ૧૨ કરોડથી વધુના ફ્રોડમાં મહિલા આરોપી પકડાઈ

ગાંધીધામ તા.૧૭

લોકોને લાલચ આપી બેંક અકાઉન્ટો કમીશનથી વહેચાણ પર આપી ગેરરીતીથી ૧૨ કરોડથી વધુ જેટલી રકમ જમા કરાવવામાં ભાગ ભજવનાર વધુ એક મહિલા આરોપી ને પકડી પાડી ના. કોર્ટમાં રજૂ કરી તા.૧૮/૦૮ સુધી રીમાન્ડ સાયબર ક્રાઈમ પોલીસે મેળવ્યા હતા.

ગાંધીધામમાં સાયબર ફ્રોડના ગુનાઓ શોધી કાઢવા સૂચના અન્વયે પોલીસ ઈસ્પેક્ટર વી.કે.ગઢવીના માર્ગદર્શન હેઠળ સાયબર કાઈમ પોલીસ સ્ટેશન દ્વારા ગુનાની તપાસ દરમ્યાન આરોપી નરેન્દ્રકિશન રાજપુત રહે.ભરવાડ વાસ, ગાંધીધામ તથા આ આરોપી પ્રમોદકુમાર ઉર્ફે આષિશ જાંગીરને સાયબર કાઈમની એક ટીમ મોકલી અમદાવાદ ખાતેથી ધરપકડ કરેલ, જેમાં હાલે અમદાવાદ ખાતે રહેતી ત્રીજા મહીલા આરોપી હસ્મિતા મનોજ ઠક્કર સંડોવાવેલ જે ફરાર હતા તેમની પણ તા.૧૪/૦૮ ના અટક કરી સઘન પૂછપરછ કરેલ જેમાં તેઓ તથા ઉપરોકત બંને આરોપી મળીને અલગ અલગ લોકોને લાલચ આપી તેમની પારોથી વિવિધ બેંકનો ખાતા મેળવી આ તમામ ખાતા રાજ દિપક ધનવાણીને આપતા હતા, જે ૨૩ એકાઉન્ટોની તપાસ કરતા આ અલગ અલગ ખાતામાં આશરે ૧૨,૨૪,૨૭,૧૦૭ (બાર કરોડ ચોવીસ લાખ સત્યાવીસ હજાર એકસો સાત રૂપીયા)થી વધુ માતબાર રકમ એકાઉન્ટ ધારકોની જાણ બહાર જમા કરાવી તેમના બેંક એકાઉન્ટોનો દુરઉપયોગ કરી અન્ય લોકો સાથે છેતરપિંડી કરી ફરીયાદી તથા મિત્રો તથા અન્ય સાહેદો સાથે વિશ્વાસઘાત કરી ગુનો કરેલ જે ઉપરોકત ત્રણેય આરોપીના નામદાર કોર્ટ દ્વારા તા.૧૮ સુધી દીન-૪ના રિમાન્ડ મેળવી અને વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

આ કામે સાયબર કાઈમ પોલીસ સ્ટેશની ટીમ દ્વારા હ્યુમનસોર્સ તથા ટેકનીકલ સર્વેલન્સના આધારે આર-ોપીઓને ગાંધીધામ તથા અમદાવાદ ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. રાજ દિપક ધનવાણી રહે. આદિપુર હજુ પકડમાં આવ્યો નથી. આ કામગીરી માં પોલીસ ઈન્સપેક્ટર વી.કે. ગઢવી, બી.જી.રાવલ,પો.હેડ. કોન્સ ગોપાલભાઈ, વિજયભાઈ, પો.કોન્સ અનીલભાઈ, દશરથભાઈ, સુરેશભાઈ, પ્રમેશભાઈ, અને રણજીતભાઈ નાઓ જોડાયેલ હતા.

## સંક્ષિપ્ત સમાચાર

# આજે ભુજમાં શેરી રમતોનો મહાકુંભ



ભુજ તા.૧૬

આજના સાયબર સમયમાં પરંપરાગત શેરી રમતો સાવ વિસરાઈ ગઈ છે, કૌશલ્ય ખિલવણી માટે મહત્વની આ રમતોને પુનર્જીવિત કરવા લેવા પટેલ સમાજની શિક્ષણ સંસ્થા રતનબેન દેવજી વરસાણી વિદ્યાલયે પહેલ કરી છે. તારીખ ૧૭,શનિવાર સવારે ૯ વાગ્યાથી લાલજી રૂડા પીંડોળીયા રમતગમત સંકુલ માં ગ્રામ્ય ગલી રમત મહાકુંભથી ગાજી ઉઠશે, કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલ માવજી ગોરસીયાની પ્રેરણાથી યોજાનાર સમાજના પૂર્વ છાત્ર નીતિન કેરાઈ(લંડન- ભારાપર) ને આવ્યો હતો, આયોજનમાં લખોટી, ટીકડી- ટીકડી, લોટ પીપર,ખારો પટો,ખીચડો, ભમરડા ફેરવવા, ગીલ્લી ડંડો જેવી ૨૫ જેટલી વિલુપ્ત શેરી રમતો રતનબેન દેવજી વસાણી કુમાર વિદ્યાલય, કચ્છી લેવા પટેલ કુમાર વિદ્યાલયના ઉપક્રમે યોજાશે જેમાં કચ્છ બનાસકાંઠા બોર્ડર રેન્જના આઈ.જી ચિરાગ કોરડીયા ખાસ ઉપસ્થિત રહી પરંપરાને પ્રોત્સાહિત કરશે.

કચ્છી લેવા પટેલ સમાજની ત્રણેય પાંખોના વડા, દાતા શ્રેષ્ઠીઓ, આમંત્રિતો ઉપસ્થિત રહેશે, સમગ્ર આયોજન માટે કેળવણીકાર કેશરાભાઈ પીંડોરીયાના માર્ગદર્શન હેઠળ સમાજના રમત ગમત મંત્રી રામજીભાઈ, અન્ય હોદેદારો, અને કોચ, શાળા આચાર્ય, ગૃહપતિ સહિતના કાર્યકરો તૈયારીમાં લાગી ગયા છે, સવારે આઠ વાગ્યાથી સમાજના કુમારો દેશી રમત શરૂ કરશે, જેમાં ૧૦ વાગ્યાથી ચોવીસીના લેવા પટેલ જ્ઞાતિજાનો જોડાશે, નાના મોટા સૌ માટે વિવિધ વિભાગોના ૨૨ મેદાનો બનાવાયા છે, દરેક વિજેતાઓને ટ્રોફી, મેડલ સંસ્થા તરફથી અપાશે, આયોજનનું જીવંત પ્રસારણ "પવિત્ર લાઈવ" પરથી કરવામાં આવશે વડીલોના દિલો દિમાગમાં ધરબાયેલ શેરી રમતો મેદાન પર સ્મરણો રૂપે મેદાન પર પ્રગટ થશે.

# માટુંગા-દાદરમાં ભારત વિકાસ પરિષદની શાખાનો પ્રારંભ




મુંબઈ તા.૧૬

ભારતના ૭૮માં સ્વતંત્રતા પર્વ અવસરે મધ્ય મુંબઈ વિસ્તાર માં ૧૫ ઑગસ્ટના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અધિકૃત સંસ્થા ભારત વિકાસ પરિષદની માટુંગા-દાદર શાખાની શરૂઆત કરવામાં આવી હતી.

ભારત વિકાસ પરિષદની ભારતભર માં ૧૫૦૦ થી વધુ શાખાઓ છે, હવે માટુંગા-દાદર શાખાની શરૂઆતથી મધ્ય મુંબઈ વિસ્તારમાં પણ રાષ્ટ્ર સેવા અને સમાજ સેવાના કાર્યો થશે એવી માહિતી સંસ્થા શરૂ કરનાર ઋષભ મારૂએ આપી હતી, આઝાદી પર્વ નિમિત્તે આજે માટુંગા પશ્ચિમ ખાતે ભારતમાતા પુજન અને ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# કચ્છી જૈનાચાર્યને લંડન બુકમાં સ્થાન આપી સન્માન અપાયું



ભુજ તા.૧૬

લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય પૂ. પ્રકાશચંદ્રજી મ.સા.ને તેમના સામાજિક સૌહાર્દ,વ્યસન મુક્તિ,જીવદયા, સેવા વૈયાવચ્ચ તેમજ સમાજ જીવનમાં સકારાત્મક અને આધ્યાત્મિક વિચારોના પ્રસાર પ્રચાર કાર્યના યોગદાનની નોંધ લંડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા લેવામાં આવી છે.મૂળ મુન્દ્રા તાલુકાના ભોરારા ગામના અને હાલ વાસણા અમદાવાદ ખાતે ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ.શ્રીના જ્ઞાન વૃદ્ધિ, માનવતા, ન્યાયપૂર્ણ શાંતિનો સંદેશ ફેલાવવા બદલ લંડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડના યુરોપીય સંઘ પ્રમુખ ક્રોએશિયા ગણ રાજયના ડો.ઈવાન ગૈસીના અને આંતર રાજ્ય અધ્યક્ષ ડો. અવિનાશ સકુંડે દ્વારા સમાજના વિવિધ ક્ષેત્રોમાં સતત પરિશ્રમ સાથે જ્ઞાનવર્ધન કરવા બદલ સન્માન પત્ર સાથે બિરદાવવામાં આવ્યા હતા. પૂ પ્રકાશચન્દ્રજી મ.સા.ને આ અદકેરૂ અને વિશિષ્ઠ બહુમાન પ્રાપ્ત થતા કચ્છ અને બૃહદ કચ્છ તેમજ ગુજરાત સૌરાષ્ટ્રમાં વસતા તેમના લાખો અનુયાયીઓમાં આનંદની લાગણી સાથે હર્ષ છવાયો છે અને પૂ.શ્રીને આ સન્માન બદલ ઠેરઠેરથી અભિનંદન મળી રહ્યા હોવાનું અજરામર સંપ્રદાય ચેરીટેબલ ટ્રસ્ટના કારોબારી સભ્ય સંજય મહેતાએ યાદીમાં જણાવ્યું હતું

# કોમી એકતાના હિમાયતી ખાવડા પંથકના પીઢ આગેવાનના અવસાનથી શોક



ભુજ તા.૧૬

ખાવડા વિસ્તારના તુગા ગામના વતની હાજી રાયસલ નબા સમાનું ટૂંકી માંદગી બાદ અવસાન થતાં આ વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે.

હિન્દુ મુસ્લિમ એકતાના હિમાયતી રાયમલ નબા સમા 'હાજી સાહેબ'ના હુલામણા નામથી જાણીતા આ આગેવાને આરોગ્ય સેવા માટે દર્દીઓ માટે ખાવડાથી લઈ રાજકોટ, અમદાવાદ સુધી ખડે પગે હાજર રહેતા હતા,તેઓ જામકુનરીયા ગ્રામ પંચાયતના સરપંચ પદે પણ રહી ચૂક્યા હતા, ૧૯૭૬માં આ વિસ્તારની ફ્લેમિંગો સિટીના શોધક ડોક્ટર સલીમ અલીને રણ માર્ગે ઊંટ ઉપર ૩૫ કિમી રણ માર્ગે પહોંચાડનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા, તેઓ રણ ભોમિયા તરીકે પણ પ્રખ્યાત હતા.

તેમનું મોત થતાં આ વિસ્તારના હિન્દુ - મુસ્લિમ લોકોમાં શોકનું માહોલ છવાયો છે, તેમના જનાજામાં હજારોની સંખ્યામાં આ પંથકના લોકો ઉમટી પડયા હતા.

# ભુજના હરીપર નજીક ફિલ્ડ બટ પર આર્મ્સ ફાયરીંગ પ્રેકટીસ

ભુજ તા.૧૬

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં. ૦૪ ઉપર તા.૧૭ ઓગસ્ટ,૨૦૨૪ના ૫૦૭૫ Coy ASC (Comp) ના તાબા હેઠળની આર્મ્સ ફાયરીંગ પ્રેક્ટીસ યોજવામાં આવનારી છે.જેથી આ ફાયરિંગ રેન્જમાં કોઈપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા ઢોરોને પ્રવેશવા દેવા નહીં. તેમ છતાં કોઈપણ વ્યક્તિ ઉપરોક્ત ફાયરિંગ રેન્જમાં પ્રવેશશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઈ નુકશાન થશે તો તેની પૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેવું સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

# અંજારમાં બ્રહ્મ સમાજ દ્વારા બળેવના દિવસે નૂતન યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાશે

અંજાર તા.૧૭

સ્વામી વિવેકાનંદ વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ દ્વારા અંજાર ખાતે શ્રાવણ સુદ ૧૫, તા.૧૯, સોમવારે, સવારે ૯-૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ વિદ્યાર્થી ભવન ખાતે મહાપર્વ બળેવ નિમિત્તે દર વર્ષની જેમ સંસ્થા દ્વારા નૂતન યજ્ઞોપવિત ધારણ વિધિ વૈદિક શાસ્ત્રોના પઠન સાથે પૂજા અર્ચનાથી સમૂહમાં યજ્ઞોપવિત ધારણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે,જેમાં જોડાવા ઈચ્છતા બ્રહ્મ બંધુઓએ દશ વિધિ સ્નાન કરી પીતાંબર કે ધોતિયું અને આસન સાથે લઈ અને આવવાનું રહેશે, પૂજન સામગ્રીની બધી જ વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે દેવેન કનકચંદ્ર વ્યાસ આચાર્યપદે રહી શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન કરાવશે તેવું સંસ્થાનાં પ્રમુખ રાજેન્દ્ર દવે, મહામંત્રી નિલેશ દવે, ખજાનચી મધુકાંત દવે અને મે.ટ્રસ્ટી રાજેશ દવેની સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

# મેંગો ગ્લોબલ પ્રી સ્કૂલ દ્વારા સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો



ભુજ તા.૧૭

મેંગો ગ્લોબલ પ્રીસ્કૂલ મધ્યે સ્વતંત્રતા દિવસ નિમિતે બાળકોએ વાલીઓ સાથે મળી સ્વાતંત્ર દિવસની ઉજવણી કરી હતી.

વિધા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત શાળામાં ઉજવણી નિમિતે બાળકોએ વાલી સાથે રાષ્ટ્રધ્વજની રંગોળીમાં રંગ પૂરી ખુશી મનાવી હતી, આ અવસરે વિવિધ કાર્યક્રમો પણ યોજાયા હતા, જેમાં શાળા સ્ટાફ સહયોગી રહ્યો હતો, સૌએ સાથે મળીને મોટા રાષ્ટ્રધ્વજ માં રંગ પૂરણી કરી રાષ્ટ્રીય પર્વ ઉજવ્યો હતો વાલીઓ દ્વારા કેક અને મીઠાઈ ખવડાવી ખુશી મનાવી હતી.

# ભુજ-દિલ્હી ટ્રેનનું પીંડવાડા સ્ટેશન પર સ્ટોપેજ

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર ૨૦૯૮૩/૨૦૯૮૪ ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા-ભુજ એક્સપ્રેસને પીંડવાડા સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૨૦૯૮૩ ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ ટ્રેનનો ૧૬મી ઓગસ્ટ ૨૦૨૪થી પીંડવાડા સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૦૦.૪૨/૦૦.૪૪ કલાકનો રહેશે. ટ્રેન નંબર ૨૦૯૮૪ દિલ્હી સરાય રોહિલ્લા-ભુજ એક્સપ્રેસ ટ્રેનનો ૧૭મી ઓગસ્ટ ૨૦૨૪થી પીંડવાડા સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૦૧.૫૦/૦૧.૫૨ કલાકનો રહેશે.

# મંત્રીએ ફુટબોલ ખેલાડીઓ સાથે સંવાદ કર્યો



ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત હાલ કચ્છના પ્રવાસે હતા ત્યારે કચ્છના ગાંધીધામ ખાતેના રમતગમત સંકુલ માં કચ્છ ફૂટબોલ ક્લબ એકેડેમીમાં ફૂટબોલની રમતનો અભ્યાસ કરી રહેલા બાળકો સાથે મુલાકાત કરીને તેમને પ્રેરણા પુરી પાડી હતી. મંત્રીએ બાળકોને તંદુરસ્ત હરિફાઈથી રમીને ખેલદિલીની ભાવના જાળવવા જણાવ્યું હતું. મંત્રીએ સતત પ્રેક્ટિસ અને મહેનતથી આગામી ઓલમ્પિકમાં દેશ માટે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી શકાય એવા પારંગત બનવા અનુરોધ કર્યો હતો. મંત્રીએ ફૂટબોલની રમતમાં ભાગ લઈને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.સ્થાનીક નેતાઓ સાથે આગેવાનો તેમની સાથે રહ્યા હતા.

# માંડવીના સ્વ જીતેન્દ્ર વોરા ની પુણ્યતિથિએ સેવા કાર્યો



જાણીતા અગ્રણી જીતેન્દ્ર નાનાલાલ વોરા ની પુણ્યતિથિએ ભુજ ખાતે બાળકોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો શહેરની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા માંડવીના અગ્રણી પ્રદીપ વોરાના સહયોગથી બાળકોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો અત્રે ઉલ્લેખનીય છે કે જીતેન્દ્ર વોરા માંડવીમાં ઘણા વર્ષોથી રહેતા હતા અને સેવાકીય પ્રવૃતિ સાથે સંકળાયેલા હતા ૧૫મી ઓગસ્ટના સાંજે વિવિધ સેવા કાર્યો સાથે બાળકોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો આ તકે સત્યમ સંસ્થાના દર્શક અંતાણી અને તેમની ટીમ હાજર રહીને બાળકોને સેવકીય મદદ કરી જીતેન્દ્ર વોરા ને શ્રદ્ધાંજલિ પાઠવી હતી

# અંજારની પ્રતિભાશાળી એશિયન કોયલ યશ્વી શાહની ખ્યાતિ વિદેશ સુધી

## ૨૩ વર્ષની યશ્વી નાની ઉંમરે ટેલેન્ટનો ખજાનો, સાહિત્ય અને ચિત્રકામ ક્ષેત્રે અંજારથી અમેરિકા સુધી બોલબાલા, ઈન્ટરનેશનલ અવોર્ડો પણ જીત્યા છે.અંજારથી અમેરિકા સુધી ખ્યાતિ મેળવનાર યશ્વી નું અંગ્રેજી કવિતા અને ડ્રોઈંગનું ટેલેન્ટ વિશ્વ સ્તરે ચમક્યું છે



ભુજ તા.૧૪

સિધ્ધી તેને જઇ વરે જે પરસેવે નાહ્ય અને તેમાય કાઇક કરવાની જેની તૈયારી હોય તેની માટે કોઇ ઉંમર બાધ નથી ત્યારે આજે વાત કરવી છે કચ્છની એવી કળી વિશે કે જેના કામની સુગંધ ગુજરાતથી લઈને વિદેશ સુધી પ્રસરી છે. એનું નામ છે યશ્વી સંજય શાહ, જેવું નામ એવા જ એના કામ, એનો યશ દેશ વિદેશ સુધી ફેલાયો છે એની કળા અને આવડતની પ્રસિદ્ધિ સોશિયલ મીડિયાથી માંડી વિદેશના લોકો સુધી છવાઈ છે.

અંજારમાં રહેતી યશ્વી સંજય શાહ આમ તો એન્જિનીયર છે, નિરમા યુનિવર્સીટીમાંથી ૨૦૨૨ માં તેણે સિવિલ એન્જિનીયરીંગ સાથે અભ્યાસ પુરો કર્યો છે, પરંતુ એની કળા એને કંઈક અલગ જ લેવલ સુધી લઈ જશે એની કદાચ યશ્વીને પણ કલ્પના નહીં હોય, આજે વિશ્વ લેવલે અને ઈન્ટરનેશનલ એવોર્ડોમાં યશ્વીના નામની તખ્તીઓ લાગી રહી છે. હાલમાં પોતે એક અસોશિએટ ડિઝીટ્સ નામની એજન્સી ચલાવે છે જેમાં ડિઝીટલ માર્કેટિંગને લગતા તમામ કામો કરે છે જેની સાથે દેશ-વિદેશના લોકો જોડાયેલા છે.

યશ્વી પોતાના પિતા સંજય શાહ વિશે કહે છે કે મારા પિતાને બોલિવૂડના જૂના ગીતો અને સાહિત્ય પ્રત્યે ખુબ લગાવ છે, તેઓ અવાર નવાર હિન્દી ગીતોના અંગ્રેજી ગીતો પણ કરતા રહે છે એટલે હાલમાં મારામાં સાહિત્ય, ચિત્રકામ અને આર્ટને લઈને જે પણ ટેલેન્ટ છે એ મારા પિતાજીના લીધે છે એવું હું માનું છું. મને વારસામાં મળ્યું છે એવું પણ ખોટું નહીં ગણાય.

### ૨૦૧૯માં જ થઇ લેખનની શરૂઆત

યશ્વી કવિતાઓ અને પેઈન્ટિંગ ક્ષેત્રમાં બહોળી પ્રસિદ્ધિ ધરાવે છે, એમના સાહિત્ય અને લેખનની વાત કરીએ તો ૨૦૧૯ માં જ્યારે તેણી અભ્યાસ કરતી ત્યારે કચ્છ ગુર્જરી નામની દર મહિને પબ્લિશ થતા મેગેઝિનમાં દર મહિને એક આર્ટિકલ લખતાં અને બે લાખ વાચકો સુધી યશ્વીની વાત પહોંચતી. ત્યારબાદ લખાણ પ્રત્યે રૂચી વધતી ગઈ અને ધીરે ધીરે અંગ્રેજી કવિતાઓ લખવાનું શરૂ કર્યું. અંદાજે આજથી એકાદ વર્ષ પહેલાં અંગ્રેજી કવિતા લખવાની શરૂઆત કરી અને અત્યાર સુધીમાં તો યશ્વીએ ૨૦૦ થી પણ વધારે અંગ્રેજી કવિતાઓ લખી નાખી છે. ઓથર તરીકેની વાત કરીએ તો સ્અર્જીર્જ'ક'રી સ્ૈહ્રહૈજ્ઞ્ચરં ઋહ્લઙ્ગિીહ પુસ્તકમાં યશ્વીએ ૧૨ કવિતાઓ લખી છે,બીજી બૂક વિશે વાત કરીએ તો, એક સ્પર્ધા હતી જેમાં ૨૧ દિવસમાં ૨૧ કવિતાઓ લખવાની હતી. યશ્વીએ હસતા હસતા આ ટાસ્ક પુરો કર્યો અને પછી આયોજકો દ્વારા એવું કહેવામાં આવ્યું કે જો તમે વધારે કવિતાઓ લખી શકો તો તમારું એક પુસ્તક પણ પ્રકાશિત થઈ શકે. તો યશ્વીએ એ ચેલેન્જ પણ હાથમાં લીધી અને વધારાની ૫૦ કવિતાઓ લખી, આ રીતે ૭૧ કવિતાઓનો સંગ્રહ બન્યો અને નોર્થ સ્ટાર નામથી બીજી બૂક પબ્લિશ થઈ. જેમાં ૭૧ કવિતાઓ જ નથી બીજું પણ ઘણું સાથે સાથે છે એમેઝોન પર આ તમામ બૂકો પણ ઉપલબ્ધ છે.નોર્થ સ્ટાર બૂક વિશે વાત કરીએ તો ૭૧ અંગ્રેજી કવિતા સાથે સાથે ૩૭ ચિત્રો પણ છે. આ બધા જ ચિત્રો યશ્વીએ પોતે દોર્યા છે, આ બૂકમાં ત્રણ ભાગ છે. સમજણ, સ્વીકાર અને આનંદ.. જેમાં દરેક વિષય પર ૨૨ થી ૨૭ કવિતાનો સમાવેશ કરવામાં આવ્યો છે અને સાથે સાથે ચિત્રો પણ મૂકવામાં આવ્યા છે. આ બૂકને અનેક એવોર્ડ પણ મળ્યા છે.

### અને યશ્વીને એશિયન કોયલનું બિરુદ મળ્યુ

યશ્વીના સાહિત્ય અને કળા ક્ષેત્રે યોગદાન જોઈને એમને ઈન્ટરનેશનલ આઈકોન એવોર્ડ મળ્યો છે. આ સાથે જ સોશિયલ મીડિયાની વાત કરીએ તો દર શુક્રવારે યશ્વી એક કવિતા, એક ચિત્ર અને એમનો વિચાર વિસ્તાર એ યુ-ટ્યુબમાં પોતાના ચાહકો સામે રજુ કરે છે. આ યોગદાન જોઈને બેંગ્લોરના ફઈફરૂ ફાઉન્ડેશન દ્વારા યશ્વીને રવિન્દ્ર રત્ન એવોર્ડ દ્વારા પણ નવાજવામાં આવી છે. આ સાથે જ એશિયન કોયલનું બિરુદ આપવામાં આવ્યું છે. એટલે હાલમાં યશ્વીને લોકો પોતાના નામ કરતાં એશિયન કોયલથી વધારે ઓળખે છે...!આ સિવાય વિદેશમાં યશ્વીની ખ્યાતિ વિશે વાત કરીએ તો જર્મન ઓથર ડોમિનિક રોઝન બર્ગ સાથે બે બૂકમાં કામ કર્યું છે. આ બન્ને બૂકના નામ અનુક્રમે ઈન ધી એન્ડ યુ વીલ બ્લૂમ અવે હેડ, હાર્ટ, હાર્મની છે. આ બૂકમાં જર્મન ઓથરની કવિતાઓ છે અને એની સાથે યશ્વીના ચિત્રો છે. જર્મની અને યુકેમાં હાલમાં આ બૂક મળે છે. તેમજ બૂકમાં યશ્વીને ક્રેડિટ પણ આપવામાં આવી છે. કોરોના વખતે પણ યશ્વીએ ખુબ ચિત્રો દોર્યા છે. સાથે જ એમના ચિત્રોનું વેચાણ પણ બહોળી માત્રામાં થયું છે.

# કચ્છ એક્સપ્રેસને મળેલા ત્રણ એવોર્ડ માટે મુખ્યમંત્રીની શુભેચ્છા



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવાર, ૧૬ ઓગસ્ટે જાહેર થયેલા ૭૦માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સ-૨૦૨૨માં ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસને મળેલા ત્રણ-ત્રણ એવોર્ડ સન્માન માટે આ ફિલ્મનાં નિર્માતા, દિગ્દર્શક અને કલાકાર કસબીઓને અભિનંદન પાઠવ્યા હતા.વિરલ શાહ દિગ્દર્શિત અને પાર્થીવ ગોહિલ-માનસી પારેખ દ્વારા નિર્માણ પામેલી આ કચ્છ એક્સપ્રેસ ફિલ્મને જે એવોર્ડ મળ્યા છે તેમાં બેસ્ટ ફિચર ફિલ્મ પ્રોમોટીંગ નેશનલ, સોશિયલ વેલ્યુસ માટેનો એવોર્ડ. બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન માટેનો એવોર્ડ (નિકિ જોષી-કોસ્ચ્યુમ ડિઝાઈનર) અને ફિલ્મની અભિનેત્રી માનસી પારેખને બેસ્ટ એક્ટ્રેસ તરીકેના એવોર્ડનો સમાવેશ થાય છે.ગ્રામીણ નારી શક્તિ સંગઠનો દ્વારા સ્થાનિક હસ્તકલા અને અન્ય કલા કારીગરીની વસ્તુઓને પ્રમોટ કરવાના કથાનક પર આ કચ્છ એક્સપ્રેસ ફિલ્મ આધારિત છે. ૭૦માં નેશનલ ફિલ્મ એવોર્ડ-૨૦૨૨માં આ હેતુસર કચ્છ એક્સપ્રેસને બેસ્ટ ફિચર ફિલ્મ પ્રોમોટીંગ નેશનલ, સોશિયલ વેલ્યુસ માટેનો એવોર્ડ જાહેર કરવામાં આવ્યો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છ એક્સપ્રેસ ફિલ્મને મળેલા આ ત્રણ-ત્રણ એવોર્ડ સન્માનને ગુજરાતી ફિલ્મોના ઈતિહાસની ગૌરવવંતી ઘટના ગણાવતા વિચાર પ્રેરક કથાનક અને ઉત્કૃષ્ઠ કલાકસબ ધરાવતી વધુને વધુ ગુજરાતી ફિલ્મોનું નિર્માણ થતુ રહેશે તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે.

# કોલકાતાની શર્મનાક ઘટનાનો કચ્છમાં પણ વિરોધ પ્રદર્શન





ભુજ તા.૧૭

કલકતામાં તાલિમી ડોક્ટરના બળાત્કાર બાદ થયેલી તેની હત્યાના સમગ્ર દેશમાં પડધા પડ્યા છે. અને ડોક્ટરો નિર્ભયા-૨ માટે રસ્તા પર ઉતર્યા છે ત્યારે તેના પડધા કચ્છમાં પણ પડ્યા છે. આજે શુક્રવારે ભુજની જીકે જનરલ હોસ્પિટલના જુનિયર ડોક્ટર્સ ન્યાયની માંગ સાથે સૂત્રોચાર કરી હડતાળ પર ઉતર્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો તો સાંજે રેલીનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. રાષ્ટ્રીય લડતમા કચ્છના ડોક્ટરો પણ જોડાયા હતા અને ઘટનાને દુખદ ગણાવી તેમા સામેલ લોકોને કડક સજાની માંગ કરી ન્યાયીક તપાસ આ કિસ્સામાં થાય તેવી સુર વ્યક્ત કર્યો હતો.ઘટનાની સખત નિંદા કરી કસુરવારોને ફાંસીની સજાની માગ કરતા સૂત્રોચાર પોકારાયા હતા. હડતાળના પગલે ઓપીડી સેવાઓને અસર પહોંચી હતી, જોકે, ઈમરજન્સી સેવાઓ ચાલુ રખાઈ હતી. જેની કારણે દર્દીઓને રાહત મળી હતી હજુ પણ ડોક્ટરો તેમનો એક દિવસીય વિરોધ પ્રદર્શન કરશે જેને પગલે આરોગ્ય સેવાને અસર પહોંચશે આજે ગુજરાતના અનેક જીલ્લાઓમા ડોક્ટરોએ વિરોધ નોંધાવ્યો હતો. તેમા કચ્છ પણ જોડાયુ હતુ સાંજે પણ ડોક્ટરો દ્વારા કોલકાતાની ઘટનાના વિરોધમા રેલી યોજવામાં આવી હતી જેને પગલે જ્યુબેલી સર્કલ નજીક ભારે ટ્રાફીકજામની સમસ્યા સર્જાઇ હતી.સવારે ડોક્ટરો એ મુખ્ય ગેટ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

# કચ્છ ભાજપ દ્વારા આઝાદી પર્વની ઉજવણીમાં ૧૬ મેડિકલ કેમ્પ યોજાશે

આઝાદીના ૭૮ માં પર્વ નિમિત્તે કચ્છ જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજી વરચંદના વડપણ હેઠળ આગામી તારીખ ૧૮ ઓગસ્ટના રોજ જિલ્લાભરના તમામ ૧૭ મંડલો ખાતે કચ્છના લોકોની આરોગ્યની સુખાકારી અને સર્વાંગી તંદુરસ્તી માટે ઠેરઠેર મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે વિગતે વાત કરતા વરચંદે જણાવ્યું હતું કે સતત સામાજિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેવું અને લોકોના જનમાનસ સાથે સામીપ્ય કેળવવું એ ભાજપના કાર્યકર્તાનો મૂળભૂત સિદ્ધાંત અને પ્રકૃતિ છે. હાલ વર્ષાઋતુમાં ઋતુજન્ય રોગચાળાનું પ્રમાણ સ્વાભાવિક પણે વધારે હોય ત્યારે આ પ્રકારના મેડિકલ કેમ્પ લોકો માટે સાચા અર્થમાં આશીર્વાદ પુરવાર થશે. આવતીકાલ તા. ૧૭ ઓગસ્ટના રોજ સવારે ૧૦:૦૦ વાગે નખત્રાણા મંડળના બે મેડિકલ કેમ્પ નખત્રાણા શહેર ખાતે લોહાણા મહાજન વાડી અને દરિયાસ્થાન મંદિર ખાતે યોજાશે. નખત્રાણા સિવાયના બાકીના બધા જ કેમ્પ તા.૧૮ ઓગસ્ટના દિવસે જ યોજવામાં આવશે. રાપર શહેર તાલુકાનો સંયુક્ત મેડિકલ કેમ્પ રાપર સીએચસી ખાતે સવારે ૯:૦૦ કલાકે થી પ્રારંભ થશે. પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદ ચાવડા નલિયા ખાતે, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજી વરચંદ ભુજ, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા ભચાઉ, ધારાસભ્ય પૈકી કેશુભાઈ પટેલ - ભુજ, વિરેન્દ્રસિંહ જાડેજા - રાપર, માલતીબેન મહેશ્વરી - ગાંધીધામ, પ્રદ્યુમનસિંહ જાડેજા - નખત્રાણા, અનિરુદ્ધભાઈ દવે - મસ્કા, ત્રિકમભાઈ છાંગા - અંજાર, જિલ્લા ભાજપ મહામંત્રીઓ દિલીપભાઈ શાહ - ભુજ, નરેન્દ્રભાઈ પ્રજાપતિ - દહીંસરા અને ધવલભાઈ આચાર્ય - મુન્દ્રા શહેરના મેડિકલ કેમ્પ પર ઉપસ્થિત રહેશે એવું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું..

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# બલિદાનથી પ્રાપ્ત થયેલી આઝાદીનું સંરક્ષણ કરવું નાગરિકોની ફરજ

**કચ્છના ગાંધીધામ ખાતે ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ગાંધીધામ તાલુકાના વિકાસ માટે રૂ.૨૫ લાખનો ચેક જિલ્લા કલેક્ટર અમિત અરોરાને એનાયત કરાયો કચ્છના લોકોએ હંમેશા જુસ્સાભેર વાવાઝોડા, ભૂકંપ, દુકાળ જેવી આફતોનો સામનો કરી વિકાસ કર્યો છે : વિશિષ્ટ કામગીરી કરનારા કર્મયોગીઓ, પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતો,રમતવીરોનું ઉદ્યોગમંત્રી દ્વારા સન્માન**

ભુજ તા.૧૬

મંત્રી બલવંતસિંહ રાજપૂતે કચ્છના ગાંધીધામ શહેરમાં રમતગમત સંકુલ ખાતે તિરંગાને સલામી આપીને ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી. સ્વાતંત્ર્ય પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી નિમિત્તે પ્રાસંગિક ઉદ્દ્બોધન કરતા ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, કચ્છ એ પંડિત શ્યામજી કૃષ્ણવર્માની જન્મભૂમિ, ગાંધીજીની સમાધિ અને સરદાર પટેલ સાહેબની યાદો સાથે જોડાયેલો જિલ્લો છે. ગાંધીધામની ધરતી પરથી ભારતની આઝાદીમાં યોગદાન આપનાર તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરીને મંત્રીએ તેમને શત્ શત્ નમન કર્યા હતા.મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, લોકમાન્ય તિલક, ડૉ. બાબાસાહેબ આંબેડકર, વીર સાવરકર, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, રાજગુરુ, સુખદેવ સહિત આઝાદીના નામી-અનામી શહીદોને વંદન કર્યા હતા. મહામૂલ્ય આઝાદી આપણને પ્રાપ્ત થઈ છે તેનું જતન અને સંરક્ષણ કરવું સૌ નાગરિકો અને દેશવાસીઓની ફરજ છે તેમ જણાવ્યું હતું. ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે કચ્છ જિલ્લાની ખમીરીને બિરદાવી જણાવ્યું હતું કે, કચ્છમાં અત્યારસુધી વાવાઝોડા, દુકાળ અને ભયાનક ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ







આવી છે. કચ્છના લોકોએ હંમેશા જુસ્સાભેર આ આફતોનો સામનો કર્યો છે. મંત્રીશ્રીએ ભૂકંપમાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલી આપીને તેમના પરિવારજનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.કચ્છ જિલ્લાની વિકાસયાત્રાનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને આપીને જણાવ્યું હતું કે, ૨૦૦૧ના ભૂકંપ બાદ વડાપ્રધાનના દૂરંદેશી વિચારને પરિણામે કચ્છનો અદભૂત અને ઐતિહાસિક વિકાસ થયો. ''મા નર્મદા'' ના પાણી આવવાથી ખારા અને સૂકા કચ્છપ્રદેશના લોકોના જીવનમાં મહત્વપૂર્ણ પરિવર્તનો આવ્યા અને આ વિસ્તાર હરિયાળો બન્યો છે. રણોત્સવ, પતંગોત્સવ જેવા ઉત્સવો અને કચ્છી મહિલાઓની હસ્તકલાને કારણે પ્રવાસનના હબ તરીકે કચ્છ જિલ્લાને સ્થાન મળ્યું હોવાનુ જણાવ્યુ હતુ આ પ્રસંગે કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ધારાસભ્ય શ્રીમતિ માલતી મહેશ્વરી, વિરેન્દ્રસિંહ જાડેજા, ત્રિકમ છાંગા,કેશુ પટેલ, ગાંધીધામ નગરપાલિકા પ્રમુખ તેજસ શેઠ,તાલુકા પંચાયતના પ્રમુખ શાંતાબેન બાબરિયા,અગ્રણી ધવલ શાહ, જિલ્લા કલેક્ટર અમિત અરોરા,પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર, નિવાસી અધિક કલેક્ટર મિતેશ પંડ્યા, મદદનીશ કલેક્ટર સુનિલ,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખ, તાલીમી સનદી અધિકારીશ્રી ઈ. સુસ્મિતા સહિત પદાધિકારીઓ, જિલ્લા અને તાલુકા ઉચ્ચ અધિકારીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

### રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે કચ્છ

રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે કચ્છ વિશ્વમાં મુખ્ય કેન્દ્ર બની રહેશે તેમ વિશ્વાસ સાથે મંત્રીએ જણાવ્યું હતું કે, સૌથી મોટો ૩૦ ગીગા વોટનો સોલાર-વિન્ડ એનર્જી પાર્ક કચ્છમાં આકાર લઈ રહ્યો છે. જે સમગ્ર વિશ્વમાં રિન્યુએબલના ક્ષેત્રને એક નવી દિશા આપશે. કંડલા અને મુન્દ્રા બંદરોનો વિકાસ, કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ અને મૂડીરોકાણ, હવાઈમાર્ગે-રેલમાર્ગની સુદ્રઢ કનેક્ટિવિટી, શૈક્ષણિક, સહકારી, આરોગ્ય, પશુપાલન, કૃષિ, આંતરમાળખાકીય સવલતો, પ્રવાસન,ઔદ્યોગિક, રોજગારી અને હસ્તકલા- કારીગરી ક્ષેત્રે થયેલા ઐતિહાસિક કામોનો મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો. આ વિકાસકામો થકી નાગરિકોના જીવનમાં પરિવર્તન લાવવા સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર કચ્છ અને તમામ કર્મયોગીઓને અભિનંદન આપ્યા હતા.વડાપ્રધાનની વિઝન હેઠળ ભૂપેન્દ્ર પટેલની સરકારે દરેકને પોતાનું ઘર હોય, ઘર સુધી વીજ પુરવઠો હોય, પીવાનું સ્વચ્છ પાણી હોય, શૌચાલય હોય, ઘરમાં ગેસ સિલિન્ડર હોય, ગરીબને અન્ન મફત મળતું હોય, ગામ-શહેર સ્વચ્છ હોય, વ્યક્તિનું બેંકમાં ખાતુ હોય, યોજનાના નાણાં બેંક ખાતામાં આવે અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સુવિધા હોય તેમ સુનિશ્ચિત કર્યું છે.

### કચ્છના હંમેશા વિકાસથી ધમધમતું રહેશે

રાજ્ય સરકાર તમામ ક્ષેત્રો અને તમામ જિલ્લાઓમાં સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ છે. ધાર્મિક સ્થાનોના વિકાસ, સરકારી યોજનાઓનું અમલીકરણ, બિનઅસરકારક કાયદાની નાબૂદી, મહિલા સશક્તિકરણ, રોજગારી સર્જન, સ્કીલ ડેવલપમેન્ટ, મફત આરોગ્ય સુવિધાઓ, નાગરિકોને ઘરના ઘર માટે આર્થિક સહાય, બિઝનેસ ફ્રેન્ડલી પોલીસી, ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમિના લક્ષ્યાંક, વાઈબ્રન્ટ ગુજરાત,માળખાગત સુવિધાઓનો વિકાસ વગેરે આગામી સમયમાં ભારતના વિકાસમાં મહત્વનો ભાગ ભજવશે.સાથે કચ્છ હંમેશા વિકાસથી ધમધમતું રહેશે એવા વિશ્વાસ સાથે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, સાંસ્કૃતિક, ધાર્મિક, પ્રવાસન અને વ્યાપાર કેન્દ્રો ધરાવતા કચ્છની ધરતીમાં ઘણી ઊર્જા અને સાહસ છે.કચ્છની વિકાસની યાત્રા સાથે આપણે ''વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'' બનાવવા કટિબદ્ધ બનવા અપિલ કરી હતી

### કર્મયોગીઓનુ વિશેષ સન્માન

આ પ્રસંગે મંત્રીએ પોલીસ વિભાગ દ્વારા આયોજિત પરેડનું નીરિક્ષણ કરીને નાગરિકોને અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે મંત્રી સહિત મહાનુભાવોએ જિલ્લાની વિવિધ સ્કૂલના બાળકો દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતા.પોલીસ વિભાગ દ્વારા 'ડૉગ શૉ'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ગાંધીધામ તાલુકાના વિકાસ માટે રૂ.૨૫ લાખનો ચેક જિલ્લા કલેક્ટરને એનાયત કર્યો હતો. વિશિષ્ટ સેવા બદલ કર્મયોગીઓ, આરોગ્ય કર્મચારીઓ,રમતવીરો,પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતો અને અંગદાતાઓનું ઉદ્યોગ મંત્રીના વરદહસ્તે મોમેન્ટો અને પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મંત્રીશ્રી સહિત મહાનુભાવોએ રમતગમત ગ્રાઉન્ડ પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું.

## આજે કાળી બિલાડી પ્રશંસા દિવસ






૨૦૧૧માં વેઈન એચ. મોરિસે તેની બહેન અને તેની ૨૦ વર્ષની કાળી બિલાડી, સિનબાદના માનમાં બ્લેક કેટ એપ્રિસિયેશન ડે બનાવ્યો. તે વર્ષે તેની બહેન અને સિનબાદ બંનેનું અવસાન થયું.હતું મોરિસે કાળી બિલાડીઓ સાથે સંકળાયેલી દંતકથાઓને દૂર કરવાની આશા સાથે દિવસ બનાવ્યો. હતો તેવી કથા છે . દર ૧૭ ઓગસ્ટ ના કાળી બિલાડી પ્રશંસા દિવસ ઉજવાય છે કાળી બિલાડીને નકારાત્મક ઉર્જાનો સ્ત્રોત માનવામાં આવે છે. ઘરમાં કાળી બિલાડીનું વારંવાર આવવું સારું માનવામાં આવતું નથી, આથી આ દિવસ ઉજવાય છે તેનો કોઈ ઈતિહાસ નથી પરંતુ કાળી બિલાડી સાથે સંબંધિત કેટલાક શુભ સંકેતો જણાવવામાં આવ્યા છે.

કાળી બિલાડી માટે તમારો રસ્તો પાર કરવો ખૂબ જ અશુભ માનવામાં આવે છે. એવું કહેવાય છે કે જ્યારે બિલાડી ડાબેથી જમણે રસ્તો ઓળંગે છે તો તે અશુભ હોય છે. જો ઘરમાં ક્યાંક કાળી બિલાડી શૌચ કરે છે, તો કોઈ અપ્રિય ઘટના બનવાની સંભાવના છે.સ્વપ્નમાં બિલાડી જોવી એ અશુભ સંકેત માનવામાં આવે છે. તે ભવિષ્યમાં કોઈ મોટું નુકસાન સૂચવે છે, પરંતુ કાળી બિલાડીનું સ્વપ્ન જોવું નાણાકીય લાભ લાવે છે.જો તમે વહેલી સવારે કાળી બિલાડી જુઓ છો, તો તે સંકેત છે કે ટૂંક સમયમાં કોઈ મહેમાન તમારા ઘરે આવી શકે છે અથવા તમે કોઈ જૂના મિત્રને મળી શકો છો જો તમે તમારા સપનામાં કાળી બિલાડી તમારા પર અથવા અન્ય કોઈ પર હુમલો કરતી જુઓ છો, તો તે ખૂબ જ અશુભ માનવામાં આવે છે. જો કે, જો કાળી બિલાડી ગુપ્ત રીતે ઘરમાં આવે છે અને પોતાની જાતે જ નીકળી જાય છે, તો તે સૌભાગ્યનું પ્રતીક માનવામાં આવે છે.કાળી બિલાડીઓને એકબીજાની વચ્ચે લડતી જોવી એ ઘરમાં વિખવાદ સૂચવે છે. તેનાથી પરિવારના સભ્યો વચ્ચે અંતર વધે છે. જો કાળી બિલાડી જમણી તરફ જતી જોવા મળે તો તેને શુભ સંકેત માનવામાં આવે છે.

તેની સાથે જોડાયેલા શુભ સંકેત પણ છે તેથી તેનાથી ગભરાવુ નહી વિશ્વ બિલાડી દિવસ દર વર્ષે ૮ ઓગસ્ટના દિવસે ઉજવવામાં આવે છે.તો બે માર્ચના વિશ્વ બિલાડી બચાવ દિવસ છે, ત્યારે માનવ જાત સાથે સદીઓથી જોડાયેલ આ પ્રાણી પ્રત્યે પ્રેમ, હુંફ, અને લાગણી સાથે તેના જતન વિશે જાગૃતિ લાવવાની જરૂર છે. બિલાડીઓ આઝાદ સ્વભાવની હોવાથી મોટે ભાગે એકલા રહેવાનું પસંદ કરે છે.આમ વિશ્વભરમાં બિલાડીને લઈને અલગ-અલગ દિવસોની ઉજવણી કરવામા આવે છે.

# ભુજ-ધોરડો બે અકસ્માત, જાનહાની ટળી

ભુજ તા.૧૭

કચ્છમાં શુક્રવારે બે અકસ્માત સર્જાયા હતા પંરતુ સદનશીબે જાનહાની ટળી હતી. ભુજ માધાપર નજીકના સ્મૃતિવન સામે ટેક્રર બેકાબુ બનતા સામુહિક વાહનો અકસ્માતનો ભોગ બન્યા હતા. સદભાગ્યે આ ઘટનામાં જાનહાની ટળી હતી પરંતુ અકસ્માત સર્જનાર ટેક્રર ચાલક ઘવાયો હતો.અને અકસ્માત બાદ ટેક્રર પાણીના વોકળામા પડી ગયુ હતુ જો કે તે પહેલા બેકાબુ ટેક્રરે બે બાઇક અને કેબીનને અડફેટે લેતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો તો બીજી તરફ ધોરડો નજીક સર્જાયેલા એક અકસ્માત બાદ દુધની નદીઓ વહેલી જોવા મળી હતી. શુક્રવારે સવારે ભીટારા કલસ્ટરમાં દુધ એકત્રીકરણ કેન્દ્ર પરથી ડેરીમાં દુધ ભરવા માટે જઇ રહેલા ટેક્રરનો અકસ્માત સર્જાતા જાણે દુધની નદીઓ વહી નિકળી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. સવારે ધોરડો નજીક ડ્રાઈવરે કાબુ ગુમાવતા ટેક્રર પલટી મારી ગયુ હતુ. જેને કારણે હજારો લિટર દૂધ વેડફાઈ જતા નદીઓ વહી નિકળી હતી.અકસ્માતમાં કોઈને વધુ ઈઝા પહોચી ન હતી. પરંતુ હજારો લિટર દુધ રસ્તા પર વહી નિકળ્યુ હતુ.





CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# કામદારોના જીવ જોખમમાં મુકનાર મુન્દ્રાની બેદરકાર નિલકંઠ સ્ટીલ સામે અંતે ફરીયાદ

**મુન્દ્રાના વડાલા સ્ટીલ કંપનીમાં ૩ દિવસ અગાઉ બનેલી દુર્ઘટના મામલે અંતે કંપનીના સેફટી હેડ તથા તપાસમાં જે નિકળી તેની સામે બેદરકારી અને અંગત સ્વાર્થ માટે કામદારોના જીવ જોખમ મુકવા સબબ ફરીયાદ નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ જાતે ફરીયાદી બની**

મુન્દ્રા, તા.૧૬

કચ્છમાં ઓદ્યોગીક વિકાસ સાથે કંપનીઓમાં બેદરકારીથી કામદારો ના મોતના મામલા ગંભીર રીતે વધી રહ્યા છે તે વચ્ચે મુન્દ્રાના વડાલા સ્થિત નિલકંઠ સ્ટીલ કંપનીમાં ૧૩ તારીખે બનેલી ઘટનાનો પણ તેમાં ઉમેરો થયો હતો. કોઈપણ સેફટી સાધનો વગર બેદરકારી દાખવી ૧૯ કામદારોના જીવ જોખમમાં મુકનાર કંપની સામે અંતે ફરીયાદ દાખલ થઈ છે. ૧૩ તારીખે સાંજે ૫૦ ફુટ ઉંચા માચડા પર કામદારો કામ કરી રહ્યા હતા ત્યારે જ તે તુટી પડતા કામદારો નિચે પટકાયા હતા જેમાં ૧ મહિલાનુ મોત થયુ હતુ જ્યારે અન્ય ૧૮ કામદારો ઈજાગ્રસ્ત બનતા તેને સારવાર માટે ગાંધીધામ-આદિપુર ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જો કે વગદાર કંપની સામે ફરીયાદ થશે કે નહી અને યોગ્ય તપાસ થશે કે નહી તેવી ચર્ચાઓ વચ્ચે પોલીસે ગંભીર કલમો તળે કંપનીના જવાબદાર સેફ્ટી ઓફીસર તથા તપાસમાં જે નિકળે તેની સામે સરકારની કોઇ પરવાગની વગર મજુરાના જીવનુ જોખમ હોવાનુ જાણતા હોવા છતા સેફ્ટી વગર કામ કરાવા બદલ ગુન્હો નોંધવામાં આવ્યો છે, જેમાં




ખુદ મુન્દ્રા મરીન પોલીસ મથકના પીએસઆઈ નિર્મલસિહં જાડેજા ફરીયાદી બન્યા છે. કચ્છમાં અગાઉ પણ કંપનીની બેદરકારીથી મોતના અનેક મામલાઓ સામે આવ્યા છે. પંરતુ આ વખતે પોલીસે કડક હાથે કામ લીધુ છે. બનાવ સમયે પણ કંપની દ્વારા પોલીસને ગેરમાર્ગે દોરવાના પ્રયત્નો થયા હતા જો કે પોલીસે ૩ દિવસની તપાસ બાદ અંતે જવાબદાર તથા તપાસમાં બેદરકારી અંગે જો દોષીતો નિકળે તેની સામે ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જાણે ઘરની ધોરાજી, કંપનીની ગંભીર બેદરકારી

આમતો પ્રથમથીજ આ મામલે કંપનીની બેદરકારી હોવાનો સવાલો ઘટના બાદ ઉઠી રહ્યા હતા જો કે સામાન્ય આવા અકસ્માતના કિસ્સામાં યોગ્ય તપાસ થતી નથી તેવુ અત્યાર સુધીના કિસ્સા પરથી ચિત્ર ઉપસી રહ્યુ છે. જો કે તે વચ્ચે મુન્દ્રા સ્થિતી નિલકંઠ સ્ટીલમાં બનેલી ઘટનામાં યોગ્ય તપાસ થશે કે નહી તે સવાલો ઉઠી રહ્યા હતા તે વચ્ચે પોલીસે બનાવની પ્રાથમીક તપાસ અને વિવિધ અભીપ્રાયો મેળવતા તેમા સ્પષ્ટ થયુ છે કે કંપનીએ કોઈપણ સેફટી સાધનો વગર કામદારોને કામે લગાડ્યા હતા અને ગંભીર અકસ્માતની જાણ છતા કંપનીએ અંગત ફાયદા માટે ૧૯ કામદારોનો જીવ જોખમમાં મુક્યો હતો.જેમાંથી એકનુ મોત પણ થયુ હતુ એફ.એસ.એલ અભિપ્રાયમાં પણ સ્પષ્ટ થયુ છે. કે કામદારોની સુરક્ષાનુ કોઇ ધ્યાન લેવાયુ નથી અને ભયયુક્ત વાતાવરણમાં કામદારો આ કંપનીમા કામ કરી રહ્યા છે.સાથે જે કામ થઇ રહ્યુ હતુ તેની મંજુરી પણ કંપની દ્વારા લેવાઇ ન હોવાનુ પોલીસ તપાસમા સામે આવ્યુ છે. સાથે મજુરોની માહિતી પણ અપાઇ નથી.

# કચ્છમાં શ્રાવણી જુગાર ફુલબહાર પણ પોલીસે મજા બગાડી...

**મેઘપર બોરીચીમાં મકાનમાં ચાલતા જુગાર અડ્ડા પર દરોડો પાડી ૮ને ઝડપ્યા, અંજારમાં ત્રણ ખેલી ઝડપાયા, રાપર-પાલનપરમાં દરોડા દરમ્યાન પાંચ ખેલી ઝડપાયા,પાંચ નાશી ગયા તો ખંભરામા જુગાર રમતા પાંચને અંજાર પોલીસે પકડ્યા શ્રાવણી જુગાર પર લોકલ પોલીસ ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકી ૪ દોરોડમાંજ ૨૧થી વધુ શખ્સો પકડાયા**













**રાપર-પાલનપર :** રાપર પોલીસે પાલનપર ગામે બાવળની ઝાડીમાં રાત્રીના ફ્લેશ લાઈટ માં જુગાર રમતા પાંચ ખેલીઓને ઝડપી પાડયા હતા, જ્યારે પાંચ નાશી ગયા હતા.

રાપર પોલીસ સ્ટેશનના ઈન્સપેકટર જે.બી.બુબડીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કોન્સ મુકેશ ચાવડાને મળેલી ખાનગી રાહે બાતમી આધારે પાલનપર ગામના બસ સ્ટેશનની સામે આવેલ બાવળોની ઝાડીઓમાં ખુલ્લામાં મોબાઇલની ફ્લેશ લાઇટના અજવાળે સીમ વિસ્તારમાં દરોડો પાડી પતા ટીંચતા આરોપીઓ,ભરતભા કાનાભા ગઢવી,બાબુ સકતાભાઇ ભરવાડ,રમેશ ધના ભરવાડ મહેશ જીવણ મકવાણા, દીનેશ ખેતા કોલી (રહે તમામ રાપર) ને ઝડપી પ ાડ્યા હતા જ્યારે રામા બાબુભાઇ રજપુત, પરબત વના ભરવાડ, પરબત બાબુભાઇ ભરવાડ, લાલા સકતભાઈ ભરવાડ અને ભગવાન ઉર્ફે ભગાભાઈ ભીખાભાઈ ભરવાડ (રહે. તમામ ભરવાડવાસ, રાપર) નાશી ગયા હતા. પકડાયેલ આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા ૪૨,૧૪૦,ગંજી પાના નંગ-૧૦૪, મોબાઈલ-૬, કિ. રૂ.૬૦,૦૦૦, મોટર સાયકલ નંગ -૬ કિ.રૂ.૧,૮૦,૦૦૦/- એમ કુલ કિ.રૂા. ૨,૮૨,૧૪૦ નો મુદ્દામાલ સાથે પકડી પાડી કાનુની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરીમાં પોલીસ ઈન્સપેકટર જે.બી.બુબડીયા, સ.ઇ. પી.એલ. ફણેજા તથા પોલીસ સ્ટાફના માણસો જોડાયા હતા.

**મેઘપર બોરીચી :** અંજાર તાલુકાના મેઘપર બોરીચીમાં એક મકાન પર દરોડો પાડી પોલીસે ૮ ખેલીઓને ગાંધીધામ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઝડપી પાડ્યા હતા.

પૂર્વ કચ્છ ગાંધીધામ એલસીબી ઈન્સ.એન.એન ચુડાસમાની આગેવાનીમાં ખાસ ડ્રાઈવ અંતર્ગત ટીમ અંજાર પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી, તે દરમ્યાન બાતમી મળેલ કે, રવીભા મ્યાજરભા ગઢવી પોતાના ફાયદા સારૂ ભાડે રાખેલ મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી તીન પત્તીનો જુગાર રમી/રમાડે છે. બાતમી આધારે વર્ક આઉટ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા, રવીભા મ્યાજરભા ગઢવી, મહેન્દ્ર રતન ધાયટી (રાજપુત) (રહે.સુંદરપુરી ગાંધીધામ), હિતેશભા લક્ષ્મણભા ગઢવી (રહે. મેઘપર બોરીચી), પ્રવિણભાઈ બાબુભાઈ રાઠોડ (રહે.સુંદરપુરી ગાંધીધામ), રમેશ મોહન ગઢવી (રહે.સુંદરપુરી ગાંધીધામ) ભરતભા ખોડાભા ગઢવી (રહે. મેઘપર બોરીચી), લખન બાબુભાઈ રાજપુત (રહે.ગાંધીધામ)અને દિનેશભા ઉર્ફે કરશનભા નારણભા ગઢવી(રહે.આદિપુર) રોકડા રૂ. ૨,૨૯,૦૦૦,મોબાઈલ ફોન નંગ-૪ કિ.રૂ.૮૦,૦૦૦, ગંજી પાના નંગ-૫૨ એમ કુલ કિ.રૂ. ૩,૦૯,૦૦૦ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી માટે અંજાર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા. આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઈન્સ.એન.એન. ચુડાસમા, સબ ઈન્સ.એમ.વી.જાડેજા તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

**ખંભરા :** જુગાર અને પ્રોહિ.ના કેસ શોધી કાઢવા અંજાર પોલીસ ઈન્સ્પે. એ.આર.ગોહીલે સ્ટાફના માણસોને સુચના આપેલ, જેથી સ્ટાફના માણસોને પેટ્રોલીંગ દરમ્યાન મળેલી બાતમી આધારે ખંભરા ગામના બસ સ્ટેશન પાછળ ખુલ્લી જગ્યામાં અમુક ઈસમો જાહેરમાં જુગાર રમી રમી રહ્યા હતા ત્યાં રેઈડ કરી સામત માંડણ ઝેર (રહે.પાંતીયા), ખેરાજ ખેતા મહેશ્વરી (રહે.ખંભરા), સુલેમાન ભાધા કકલ(રહે.વાડા તા.અંજાર), નઝીમ ગની બુઢા (રહે.સિનોગ્રા) અને આમીન રાણા કકલર (રહે.નીંગાળ) ને રોકડા રૂ.૧૦,૨૦૦ અને પત્તા સાથે ઝડપી પાડી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કામગીરીમાં અંજાર પોલીસ ઈન્સપેક્ટર એ.આર.ગોહીલ, સબ ઈન્સપેક્ટર જે.એસ.ચુડાસમા, તથા સ્ટાફના માણસો જોડાયા હતા.

**કિડાણા :** ગાંધીધામ લોકલ કાઈમ બ્રાન્ચ પોલીસે દરોડો પાડી ૭ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. જુગારની બદી નાબુદ કરવા કરાયેલ ખાસ ડ્રાઈવ અંતર્ગત પી.આઈ. એન.એન.ચુડાસમાની આગેવાનીમાં એલ.સી.બી. ટીમ ગાંધીધામ બી ડીવી. પો.સ્ટે. વિસ્તારમાં પ ેટ્રોલીંગમાં હતી, તે દરમ્યાન મળેલી બાતમી આધારે, કિડાણા ૧૬ કે.વી. પાવર હાઉસ પાછળ બાવળોની ઝાડીમાં રેઈડ કરી ગંજીપાના વડે જુગાર રમતા કિડાણાના હાજા નારણ ઝરૂ, વાલજી દેવરાજ ઝરૂ, કાદર કાસમ સર્વેદી,તેજા દેવદાન મકવાણા, ગોવિંદ માલા મકવાણા, મ્યાજર હાજા ઝરૂ, નારણ દેવદાન મરંડ, જુગાર રમતા મળી આવતા મુદામાલ સાથે પ કડી પાડી આગળની કાર્યવાહી માટે ગાંધીધામ બી ડીવી.પોલીસ સ્ટેશનને સોંપવામાં આવેલ હતા. તેમની પાસેથી રોકડા રૂ.૨૨,૦૫૦, તથા પતા કબજે કરાયા હતા. આ કામગીરી લોકલ કાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેક્ટર એન.એન. ચુડાસમા, સબ ઈન્સ. એમ. વી.જાડેજા તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

**અંજાર :** અંજાર પોલીસે શહેરના જોગેશ્વર મહાદેવ મંદિર પાસે જાહેરમાં જુગાર રમતા ત્રણ ખેલીઓને પકડી પાડ્યા હતા જયારે સ્થળ પર એક વાહન ચાલન હાજર મળ્યો ન હતો, અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઈન્સ્પેક્ટર એ.આર.ગોહીલે




સ્ટાફના માણસોને પ્રોહિ/જુગારના વધુમા વધુ કેસો શોધી કાઢવા સુચના આપતા અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે જોગેશ્વર મહાદેવ મંદીર પાસે ખુલ્લામાં અમુક ઈસમો જાહેરમાં ગંજીપાના વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા હતા ત્યાં રેઈડ કરી, અંજારના ધૃવ દિલીપ જોષી, રમેશ ધરમશી રાજગોર, કૃણાલ પ્રવિણ જોષીને ઝડપી પાડ્યા હતા, જ્યારે એક વાહન એકસેસ જેના રજી.નં.જી.જે.૧૨ ઈ.કે.૩૧૩૯ વાળીનો ચાલક હાજર મળ્યો ન હતો, મળી આવેલ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી, સ્થળ પરથી પોલીસે રોકડા રૂ.૧૨, ૮૯૦, મોબાઈલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૧૫,૦૦૦, વાહનો - ૦૨ કિ.રૂ.૬૫,૦૦૦, ગંજીપાના નંગ-૫૨ એમ કુલ્લે રૂ.૯૨, ૮૯૦ મુદ્દામાલ હસ્તગત કર્યો હતો. આ કામગીરી અંજાર પોલીસ ઈન્સપેક્ટર એ.આર.ગોહીલ, સબ ઈન્સપેકટર જે.એસ.ચુડાસમા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસોએ હતી.

**ગઢશીશા :** તો આ તરફ ગઢશીશા પોલીસે પણ ૩ જુગારીઓને ઝડપી પાડ્યા હતા જ્યારે ત્રણ નાશી જવામાં સફળ રહ્યા હતા પોલીસે બટુકસિંહ મહેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ મેરૂભા જાડેજા, બલવંતસિંહ દયાલજી જાડેજાને ૨૫,૭૩૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા જ્યારે ત્રણ નાશી જવામાં સફળ રહ્યા હતા.